

# સનાતન સારથિ ગુજરાતી

ઓક્ટોબર - ૨૦૨૦

વાર્ષિક લાવાજમ રૂા. ૧૦૦.૦૦

# સંસ્થા સમાચાર

## શ્રી સત્ય સાઈ સેવા સંગઠન, ગુજરાત દ્વારા માર્ચ–ઓગષ્ટ ૨૦૨૦ દરમ્યાન કરવામાં આવેલ covid-19 સેવા

**સામૂહિક રસોડા:**– સંગઠન દ્વારા અમદાવાદ, સુરત અને વલસાડ જિલ્લામાં સામૂહિક રસોડા શરૂ કરવામાં આવ્યા, જે દ્વારા ૮૭૭૭૫ ફૂડપેકેટ્સ આ covid-19 ની મહામારી દરમ્યાન જરૂરતમંદોને પહોંચાડવામાં આવ્યા.

**અમદાવાદ –૨૨૪૮૧ પેકેટ્સ**



**ભાવનગર – ૪૭૫૦૦ પેકેટ્સ**



**સુરત – ૮૫૮૫ પેકેટ્સ**



**વલસાડ – ૮૧૯૭ પેકેટ્સ**



**અમૃત કલશમ્**: આજ સમયગાળા દરમિયાન સંગઠન દ્વારા જુદા જુદા જિલ્લાઓમાં જરૂરીયાત મંદ પરિવારોને અમૃત કલશમ કીટ વહેંચવામાં આવ્યા. જેમાં લોટ, દાળ, ખાદ્યતેલ, ખાંડ, મીઠું, મસાલા, શાકભાજી વગેરે હતા

**ગાંધીનગર**



**ભાવનગર**



# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહીંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**

**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા ના સહયોગથી**

મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૦**
**અંક : ૩૩૬**


**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦
૨૫$ અથવા ૧૮£

**લવાજમ ની રકમ પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરાના નામે ચેક અથવા ડ્રાફ્ટથી મોકલવી**

**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ''
એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

સંપર્ક માટે :
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com

ટાઇટલ પેજ ફોટોગ્રાફ
**ભગવાન શ્રી સત્ય સાઇ બાબા**



## "હંમેશા ઈશ્વરનું ચિંતન કરો"

જ્યારે લોકો દુ:ખી થઈ જાય છે ત્યારે જ તેઓ ઈશ્વરને યાદ કરે છે. દુ:ખ / વ્યથા માટે જવાબદાર લોકો પાસે મદદ માંગવા કરતાં તો આ વધુ સારું છે. પરંતુ-દુ:ખમાં અને સુખમાં, શાંતિના સમયમાં કે સંઘર્ષના ગાળામાં અને બધી જ પરિસ્થિતિઓમાં-ભગવાનનું ચિંતન કરતાં રહેવું એ સૌથી શ્રેષ્ઠ બાબત છે.

ધરતીની ભીનાશ એ વરસાદ થયો હોવાનું પ્રમાણ છે. ભક્તોની પાસે જે શાંતિ તત્ત્વ છે, તે તેની ભક્તિનું પ્રમાણ છે; એવી શાંતિ કે જે, તેને, સફળતા અને નિષ્ફળતા, ખ્યાતિ અને અપકીર્તિ, લાભ અને નુકશાનના આક્રમણ સામે રક્ષણ આપે છે.

– બાબા

## અનુક્રમણિકા...

| પા.નં. | |
|---|---|
| ૫ | સર્વત્ર વિદ્યમાન ભગવાનમાં દઢ શ્રદ્ધા કેળવો –અવતાર વાણી |
| ૭ | ચૈતન્યની અનુભૂતિ થકી જ દિવ્યત્વ નો અનુભવ થાય –દશેરા સંદેશ |
| ૧૦ | "શિક્ષણનું અંતિમ ધ્યેય – ચારિત્ર્ય ઘડતર" –ડૉ. જી. નાગેશ્વર રાવ |
| ૧૪ | "તમામ બાબતો કરતા પ્રભુને પસંદ કરવાથી મળતા આશીર્વાદ" –ડૉ. એસ. સુમારાવ |
| ૧૬ | અવતારો શા માટે આવે છે? –ભગવાનનો સંદેશ |
| ૧૯ | "શ્રી સાઈના શબ્દો હંમેશા સત્ય" –વેંકટ જયરામ |
| ૨૧ | "શ્રી સત્ય સાઈ ગોકુલમ્" –બિશુ પ્રુસ્ટી |
| ૨૪ | "ભગવાન શ્રી સત્ય સાઈ બાબા મારા જીવનમાં" –ડૉ. લક્ષ્મીધર મોહાન્તી |
| ૨૬ | વિદ્યાર્થીઓને સંદેશ –ગુરૂપૂર્ણિમા પ્રવચનમાંથી |

**આપને અંક ન મળે તો પોસ્ટ દ્વારા જાણ કરવા વિનંતી. આપની પોસ્ટ ઓફીસમાં પણ તપાસ કરશો. સનાતન સારથિ દર માસની ૨૦મી તારીખે રવાના કરાય છે.**

આત્મબંધુશ્રી / આત્મભગિનીશ્રી,

સૌને જય સાઈરામ,

ભગવાન બાબાની અસીમ કૃપાથી વડોદરા ખાતેથી સપ્ટેમ્બર-૨૦૨૦ નો અંક પ્રકાશિત થયો. આમ ડાકોરથી કાર્યરત આ પ્રવૃત્તિમાં, વડોદરા શિફ્ટ થવા છતાં ખંડ પડ્યો નહીં. ભગવાન બાબાની આ અસીમ કૃપા બદલ, એમનાં ચરણે મનઃપૂર્વક નમસ્કાર.

કેટલીક બાબતોનો ફરી એક વાર ખુલાસો કરવો અનિવાર્ય છે તે પ્રમાણે.......

૧. સપ્ટેમ્બર-૨૦૨૦ ના અંકમાં અત્રેથી સૌ સભાસદોને ત્રણ મુદ્દાઓ પરત્વે વિનંતી કરી હતી પરંતુ તેની સામે ઘણો જ નબળો પ્રતિસાદ મળ્યો માટે ફરી એક વખત રીપીટ કરીએ છીએ.

(ક) ઘણા બધા લવાજમ વર્ષોથી રીન્યુ ન થવા છતાં, દરેકને અંક મોકલવામાં આવતો. તો વિનંતી કે લવાજમ સત્વરે રીન્યુ કરાવવું. ઓક્ટોબરનો અંક પણ દરેકને (ઓવરડ્યુ થયેલાને પણ) મળશે.

(ખ) આપનો ત્વરિત સંપર્ક કરી શકાય તે માટે આપનો મોબાઈલ નંબર+ઇમેલ આઇ.ડી. અમારી પાસે હોવું જરૂરી છે. તો આ વિગતો અમોને નીચેના મોબાઈલ નંબર / ઇ-મેલ આઇ.ડી. પર લખી જણાવશો.

મોબાઈલ નં. **(૧) શ્રી બોડીલ – ૯૮૨૪૬૪૯૯૫૩ (૨) શ્રી વિશાલ – ૯૯૨૫૯૨૩૩૦૬**

ઈ-મેઈલ આઈ.ડી. editor.ssguj@gmail.com અથવા contact.ssguj@gmail.com

(ગ) જેમને અંકની હાર્ડ કોપી (Actual અંક) જોઈતો હોય તેઓ અમોને અચૂક જણાવે

૨. લવાજમ રીન્યુ કરાવો, તો પુરુ સરનામું, શહેર ગામ તાલુકો જીલ્લો અને પીનકોડ જરૂરથી જણાવશો.

૩. સોફ્ટ કોપી (ઓન લાઈન મળતું મેગેઝીન)નો ફાયદો એ છે કે આપ આ અંક આપના પરિચિતોમાં ગમે તેટલા જણને ફોરવર્ડ કરી શકો છો અને સનાતન સંદેશ ફેલાવી શકો છો.

૪. કોરોનાને કારણે વિદેશમાં અંક મોકલાવી શકાતો નથી. ટપાલ કચેરી ના પાડે છે તો વિદેશોમાં વસતા આપણા પરિચિતો/સનાતન સારથિના ગ્રાહકોના વોટ્સએપ નંબર /ઇ-મેલ આઇ.ડી. અમોને આપ જણાવો તો એમને પણ અત્રેથી સોફ્ટ કોપી મોકલી શકીએ.

૫. સાઈ ભક્તો-સાઈ પ્રવૃત્તિ માટે તન-મન-ધનથી સેવા આપવા માટે હંમેશા તત્પર હોય છે.

ભગવાન બાબાએ પાર્થિવ દેહ છોડ્યો પરંતુ તેઓ નિત્ય આપણી સાથે જ છે તેમ આપણેં પૂરી શ્રદ્ધાથી માનીએ છીએ. સ્વામીનો સંદેશો સનાતન છે અને તે યુગો સુધી રહેશે તે નિઃસંદેહ છે.

આ તબક્કે આપણી-સાઈ ભક્ત તરીકે - એક નૈતિક ફરજ છે કે પોતાનું લવાજમ રીન્યુ કરાવીએ અને નવા ગ્રાહકો બનાવીએ અને જ્યારે આ "સારથિ" આપણું જીવન દોરવા તૈયાર છે તો તેનો લાભ સ્વયં લઈએ અને અન્યોને પણ અપાવીએ.

૬. લવાજમ કે ડોનેશન બને ત્યાં સુધી ચેકથી જ સનાતન સારથિ કાર્યાલય પર મોકલવું. ચેક- '**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા**' ના નામે લખવો.

૭. જે ભક્તોને / સભાસદોને લવાજમ **ઓનલાઈન** ભરવું હોય અથવા NEFT થી મોકલવું હોય તેમને માટે વિગત આ પ્રમાણે છે.

ખાતાનું નામ = પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા – ખાતા નં. 50100368052762 બેંક HDFC Bank – શાખા – દરબાર ચોકડી, માંજલપુર, IFSC Code – HDFC0004819 ઓનલાઈન રકમ જમા કરાવ્યા પછી અમોને તરત જ જાણ કરવી.

૮. આપ સૌનો સહકાર અપેક્ષિત છે. આપના સૂચનો આવકાર્ય છે. આપને કોઈ મુશ્કેલી મૂંઝવણ હોય તો અમોને જરૂરથી સંપર્ક કરી શકો છો

સદા સાઈ સેવામાં

**તંત્રી**

**સનાતન સારથિ (ગુજરાતી)**

અવતારવાણી :- (ગતાંકથી ચાલુ)

# સર્વત્ર વિદ્યમાન ભગવાનમાં દઢ શ્રદ્ધા કેળવો

એક વખત રિપાલેની ગોપીકાઓએ મથુરા જવાનો નિર્ણય કર્યો. બીજે દિવસે સવારે મથુરા પહોંચી જવાય તેથી તેઓ યમુના નદીની એક નૌકામાં બેઠી. કૃષ્ણના ગુણગાન ગાતાં ગાતાં, પોતાના અનુભવો એકબીજાને સંભળાવતા અને કૃષ્ણની બંસરીની મધુર સૂરોની વાતચીતો કરતાં કરતાં નૌકાને હલેસા મારતી આગળ જવા લાગી.

પો' ફાટતાં સૂર્યોદય થતો નિહાળ્યો, પણ આશ્ચર્ય એ વાતનું થયું કે તેઓ મથુરા પહોંચી જ નહોતી! તેઓ રિપાલેમાં જ હતાં! જ્યારે તેમણે કારણની તપાસ કરી તો માલૂમ પડ્યું કે આખી રાત્રિ દરમ્યાન નૌકાને હલેસા માર્યા છતાં પણ નૌકા ત્યાં ને ત્યાં જ રહી હતી–કેમ કે નૌકાને એક મોટા સ્થંભ સાથે બાંધેલી હતી ! તુરંત ખ્યાલ આવ્યો કે સ્થંભ સાથે બાંધેલું દોરડું જ છોડવાનું વીસરી ગઈ હતી. આજ આસક્તિરૂપી ગાંઠે કૃષ્ણ સમીપ જતાં અટકાવી હતી. માનવી ભજન, ધ્યાન જેવી સાધના કરે છે અને ઉદ્બોધનનું શ્રવણ કરે છે, પણ જો તે દુન્યવી આસક્તિરૂપી ગાંઠના બંધનમાં રહે તો તેમ કરવાનો અર્થ જ શો? આસક્તિને અહંકાર અનુસરે છે અને તે દુર્ગુણો પ્રતિ દોરી જાય છે.

**<u>તમારૂ તન ઈશ્વર સેવામાં સમર્પિત કરો.</u>**

તમે આ દેહના માલિક નથી. જો તમે માનતા હોવ કે આ તન, તમારૂ છે તો પછી તેને ગ્રસ્ત કરનારા રોગમાંથી તેને સાજો કેમ કરી શકતા નથી? માનવ દેહ ઈશ્વરની બક્ષિસ છે. ભગવાન દ્વારા તમને પ્રદાન કરાયેલ વરદાનરૂપી બક્ષિસ હોવાથી તમારે તેને ભગવદ્ સેવામાં સમર્પિત કરવી જોઈએ. આનાથી વધુ કોઈ યોગ, યજ્ઞ અથવા તપ છે જ નહીં. જો તે બધું ભગવાનને અર્પણ નહીં કરાય તો યોગ, યજ્ઞ અને આધ્યાત્મિક સાધનાઓ હાથ ધરવાનો મતલબ શો? તે તો સ્થંભ સાથે બાંધેલી પેલી નૌકાને હલેસા મારવા જેવું છે. તેથી, દેહાસક્તિ ઈશ્વરને અર્પણ કરો. આવું જ ઉદ્ધવે અંતમાં કર્યું હતું. તે ભગવાન સાથે ૮૩ વર્ષો સુધી રહ્યાં હતાં, પરંતુ તે સમગ્ર વર્ષો પર્યન્ત તેમણે કૃષ્ણને સખા તરીકે જ ગણ્યા હતા. તેમણે કૃષ્ણને કદી પણ એક દૈવી હસ્તી તરીકે માન્યા જ નહોતા તેઓ, પાછળથી પિછાણી શક્યા હતા કે કૃષ્ણ સર્વેશ્વર હતા. તેમણે કહ્યું: "હે પ્રભુ! આપના દ્વારા મને પ્રદાન કરાયેલું આ હૃદય હું આપને અર્પણ કરૂ છું. મારી પાસે બીજું શું છે જે પૂજા-અર્ચના-આરાધના-માં હું આપના ચરણકમલમાં સમર્પણ કરી શકું? મારા વિનમ્ર વંદન સહ તેનો સ્વીકાર કરી ઉપકૃત કરશોજી"

(તેલુગુ કવિતા)

હે માનવ! આ દેહ તને કોણે આપ્યો છે? તેમાં ચેતન શક્તિ કોણે ફૂંકી છે? તને ભાવનાઓ કોણે આપી છે? આટલું સમજ અને દુષ્ટ વિચારોનો ત્યાગ કર-જો તું ઉર્ધ્વગમન ઈચ્છતો હોય.

**<u>ઈશ્વરેચ્છા વિના કશું થતું જ નથી.</u>**

આપણે ઘણા દેવસ્થાનકોએ જઈએ છીએ. પરંતુ, દેવ ફક્ત મંદિરોમાં નથી. તે તો સચ્ચિદાનંદ-સ્વરૂપ છે. ઘણાં લોકો તિરુપતિ જાય છે. અનેકાનેક ઈચ્છાઓનું પોટલું લઈ જાય છે. ત્યાં તેઓ માથે મુંડન કરાવે છે જેથી ઈચ્છાઓની પૂર્તિ થાય. ભગવાન તમારા વાળ માગે છે એવું તમે વિચારો છો? તેના બદલે, તમારૂ પ્રેમપૂર્ણ હૃદય ભગવાનને અર્પણ કરવું જોઇએ.

આ દુનિયામાં ઈશ્વરની મરજી વિના કશું થઈ શકતું નથી. જ્યારે અશોક વાટિકામાં રાવણે સીતાને કેદ કરી હતી ત્યારે તે રામ પાસેથી કોઈ સારા સમાચાર આવે તે માટેની આતુરતાથી પ્રતિક્ષા કરતી હતી. એક વખત રાવણે આવીને સીતા ને કહ્યું, "હવે તને રામ કદીએ મળવાના નથી". રાવણે વાઢી નાંખેલું રામનું મસ્તિષ્ક બતાવ્યું જે તેણે "માયા" દ્વારા ઉત્પન્ન કર્યું હતું. એક વખત તો સીતા શોકમાં ગ્રસ્ત થઇ ગયા પણ જરાક સમય પસાર થતાં જ એમને ખ્યાલ આવી ગયો કે રામ સત્વગુણનું અને માનવરૂપ ધારણ કરેલા ભગવાન નારાયણનું જ સ્વરૂપ છે. તેથી એમની ઉપર કોઈ વિજય પ્રાપ્ત કરી શકે જ નહીં. સીતા સમજી ગયા કે એ તો રાવણે તેની માયાવી શક્તિ વડે સર્જેલી એક ભ્રમણા હતી. સીતાએ કહ્યું, "રાવણ, તારી શૂરવીરતા આ ઘાસના એક તણખલા જેટલી છે. રામની મરજી વિના દુનિયામાં કશું થઈ શકે તેમ નથી".

"હે પ્રભુ! લોકો સમજતા નથી કે આપની મરજી વિના કશું જ થઈ શકતું નથી. ભગવાનની મરજી પાછળ શું હોય છે અને ભવિષ્યમાં શું થવાનું છે તે અંગે સમજવાની કોશિશ કરતાં નથી. આ કે પેલું કેમ કહ્યા કરે છે? કીડીથી લઈને બ્રહ્માંડમાં આપ વ્યાપ છો. આ અન્વેષણ કરવા, સમજવા કે સંશોધન કરવાના પ્રયાસો કરે છે ખરા. તેમને તેમની બુદ્ધિનું અભિમાન છે. કેમ કે તેમનામાં અહંકાર ખદબદે છે. તેમને ખબર નથી કે તેમના ગત જન્મના કર્મોથી તેમનું શું થવાનું છે.

કર્મ માનવીના જન્મ, અસ્તિત્વ અને મૃત્યુ માટે જવાબદાર છે, તે જીવનના પ્રત્યેક તબક્કે માનવ અસ્તિત્વના દેવ તરીકે પ્રભાવ ધરાવે છે. એ માનવીના સુખ-દુઃખ માટે જવાબદાર છે. (તેલુગુ કાવ્ય)

**<u>પ્રેમ કેળવો ત્યારે દૈવત્વ પ્રગટ થાય છે.</u>**

જે કંઈ થઈ રહ્યું છે તે તમારાં કર્મોની પ્રતિક્રિયા છે. અરે! તમારું મન પણ ઈશ્વરની મરજી વિના કામગીરી કરશે નહીં. તમે તમારૂ ધ્યાન, સંપત્તિ, શારીરિક શકિત તથા બુદ્ધિની મદદથી કંઈક વિચારી શકો છો, પરંતુ ઇશ્વર તો બધું બદલી શકે છે. તે અવનીને આકાશમાં અને આકાશને અવનીમાં તબદીલ કરી શકે છે. તે રેતીને સુવર્ણમા અને સુવર્ણને હીરામાં ફેરવી શકે છે. તેથી, એવો પ્રેમ કેળવો જે પ્રભુના હૃદયને દ્રવિત કરે. પ્રેમ દરેક વસ્તુનું મૂળભૂત કારણ છે, પ્રેમ પ્રભુ છે. પ્રેમમય જીવન જીવો. આધ્યાત્મિક શકિતથી ભરપૂર દૈવત્વ તમારામાં ત્યારે જ પ્રવેશી શકે જ્યારે તમે પ્રેમ વિકસાવશો. પરંતુ, તેનો પણ એક ચોક્કસ સમય હોય છે, પ્રભુની કૃપા પ્રાપ્તિ માટે લોકોએ દીર્ઘ પ્રતિક્ષા કરવી પડે છે, તેમ છતાં પણ તે પ્રાપ્ત કરી શકતા નથી. તે તો સમય આવ્યે જ હાંસલ કરી શકાય છે, ફળ પાકતું નથી ત્યાં સુધી ખાટું લાગે છે. જ્યારે ફળ બરાબર પાકી જાય છે ત્યારે જ મધુર લાગે છે. સમય જ સર્વસ્વ છે. પ્રભુ કાલ (સમય) સ્વરૂપ છે.

કાલાય નમઃ, કાલકાલાય નમઃ, કાલદર્પ દમનાય નમઃ, કાલાતીતાય નમઃ, કાલ સ્વરૂપાય નમઃ, કાલ નિમિત્તાય નમઃ, (સમયને નમસ્કાર, જે સમયથી પર છે, જેણે સમયને જીતી લીધો છે, જે સમયથી પણ ઉપરવટ છે, જે સમય-સ્વરૂપ છે અને જે સમય આદેશ આપે છે તેને નમસ્કાર).

તમે વિચારતા હશો કે હજી સુધી મને ભગવદ્ કૃપાની પ્રાપ્તિ થઇ નથી. ક્યારે, ક્યાં અને કેવી રીતે ભગવદ્ કૃપા પ્રાપ્ત થશે તેનો આધાર તમારા પૂર્વજન્મોમાં એકત્રિત કરેલા પુણ્ય ઉપર અવલંબે છે. જ્યારે વરસાદ પડે છે ત્યારે વરસાદના ટીપાં ભેગા થઈને એક મોટો ઝરો બનાવે છે. તે જ પ્રમાણે, ભૂતકાળમાં કરેલા સત્કાર્યો, હાલમાં કરી રહેલા સત્કાર્યો અને ભવિષ્યમાં થનારા સત્કાર્યો ઉમેરાય છે અને તમારામાં દૈવત્વ પ્રગટ થવા માટેનું કારણ બને છે.

**<u>તમારા અંતરમાં પ્રભુનું સ્વરૂપ પ્રસ્થાપિત કરો.</u>**

કોને ખબર છે કાલે શું થવાનું છે? કાલે જીવતા રહીશું કે કેમ તેની પણ ખબર નથી. આ દેહ પાણીનો પરપોટો છે, મન પાગલ મર્કટ છે. દેહને અનુસરશો નહીં. મનને અનુસરશો નહીં, અંતરઆત્માને અનુસરજો. એ જ તમારે કરવાનું છે. મક્કમતાથી અંતરાત્માને વળગી રહેજો. તેને કદી છોડશો નહીં.

રામદાસે ગાયું છે, "હે રામ! જો તમે મારી ઈચ્છા પૂર્ણ કરશો નહીં તો હું તમને એકે પગલું આગળ વધવા દઈશ નહીં". ભોજનથી ભરપૂર થાળ લઈને પ્રભુ રામદાસની સમક્ષ પ્રગટ થયા અને કહ્યું, "તું ચાર દિવસથી ભૂખ્યો છે, આનો સ્વીકાર કર". રામદાસે કહ્યું, મારે ભોજનની લગીરે આવશ્યકતા નથી .મને તો તમારા ચરણ કમલ જ જોઈએ છે''. રામદાસને ખબર ન પડે તેમ રામે તેની સન્મુખ સોનાની ચેન કાઢી. ત્રીવ્ર મેધાવાન રામદાસે ઉચ્ચારણ કર્યું, ''એક હસ્ત વડે તે આપી ને તમે ભાગી જવા માંગો છો કે શું? મારે માટે આપ જ સર્વસ્વ છો; આપના સિવાય મારે માટે અન્ય કોઈ છે જ નહીં".

વેદો, શાસ્ત્રો અને ભાગવતના અધ્યયન કરી ચૂકેલા ભક્તો હજારો છે. એક બાળક ભાગવત સામે જુએ છે, એક વિદ્વાન પણ ભાગવત સામે જુએ છે. તેના પાના ફેરવતા બાળક કૃષ્ણના સુંદર સોહામણા ચિત્રો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે જ્યારે વિદ્વાન ભાગવતની અંદરના મૂળ ભાગના અર્થને સમજવાનો પ્રયત્ન કરે છે. બાળક તેના અર્થને સમજતો નહીં હોવા છતાં, કૃષ્ણના સ્વરૂપ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. તમારે તમારું ધ્યાન-મન-પણ કૃષ્ણ સ્વરૂપ ઉપર કેન્દ્રિત કરવાનું છે. એકલો અર્થ સમજવાથી ફાયદો શું? ભગવાન સત્, ચિત્ત, આનંદ

છે એવું કહેવાથી તમે શું સમજો છો? સત્, ચિત્ત, આનંદ શબ્દોમાં નથી, તે સ્વરૂપમાં છે. માટે તમારા અંતરમાં ભગવાનના સ્વરૂપને પ્રસ્થાપિત કરો અને પરમાનંદનો અનુભવ કરો.

**("હરિ ભજન બિના સુખ શાંતિ નહીં....." ભજન સહ ભગવાને તેમના ઉદબોધનનું સમાપન કર્યું).**

**(૨૯મી એપ્રિલ ૧૯૯૬ ના રોજ કોડાઈકેનાલ ખાતે સાઈ શ્રુતિમાં ભગવાનનું દિવ્ય પ્રવચન).**

### વિજયા દશમી નિમિતે ભગવાનનો દિવ્ય સંદેશ

# ચૈતન્યની અનુભૂતિ થકી જ દિવ્યત્વ નો અનુભવ થાય

### પ્રત્યેક માનવી બ્રહ્મ સ્વરૂપ જ છે.

વિશ્વ પ્રસિદ્ધ એવી આપણી ભારતીય સંસ્કૃતિનો સંદેશ વિશ્વની હરકોઈ પ્રજાના હૃદયમાં અંકિત થયેલ છે. સૃષ્ટિના પ્રારંભથી જ યુગોના યુગો પર્યંત પરિવર્તિત કાળની થપાટ અને પ્રતિકૂળ સંજોગો સામે ટક્કર ઝીલતી આજે પણ અડગ-અચળ યથાવત્ ઊભી છે. જે સ્વયં સનાતન સત્યની સાબિતી છે. યજ્ઞ યાગાદિ આપણી સંસ્કૃતિના સાચા પ્રતીકો છે. પરંતુ યજ્ઞનો સાચો અર્થ શો છે? માત્ર દશ ઋત્વિકો એકત્ર થાય અને ચતુર્વેદની ઋચાઓનું ગાન કરતાં પવિત્ર અગ્નિ પ્રગટાવે એ જ માત્ર યજ્ઞનો મહિમા નથી. માનવીનું પ્રત્યેક કર્મ અને પરિણામ સ્વરૂપ તેની ફળ પ્રાપ્તિ તે સર્વ પ્રભુને અર્પણ કરે તે સાચો યજ્ઞ છે. નાનું કે મોટું કોઈ પણ કર્મ માનવી કરે છે તે પ્રભુની પ્રશન્નતા માટે જ કરે છે. પછી તે કર્મ ધર્મ અનુસંગી હોય કે ધર્મ નિરપેક્ષ હોય, તે વ્યક્તિકલ્યાણ માટે હોય કે વિશ્વકલ્યાણ માટે હોય, તે બધાં સંકલ્પિત હોય કે મુક્તિ દાયક હોય, ચાહે તે પાર્થિવ લાભની પ્રાપ્તિ માટે હોય કે આધ્યાત્મક અનુલક્ષિત હોય... કોઈ પણ પ્રકારનું કર્મ હોય તે સર્વ પ્રભુ પ્રિત્યર્થે જ હોય - પરમાત્માને જ સમર્પિત હોવું જોઈએ.

**બ્રહ્માંડનું પ્રત્યેક સર્જન ઈશ્વરીય જ છે:**

પ્રત્યેક વ્યક્તિ પોતે ગુરુ (શિક્ષક) છે અને શિષ્ય પણ છે. પ્રત્યેક વ્યક્તિની અંદર ગુરુત્વ અને શિષ્યત્વ રહેલું જ છે. હરેક મનુષ્ય પરમ બ્રહ્મનું સ્વરૂપ જ છે. સૃષ્ટિ પરના સર્વ જીવો અને સર્વ પદાર્થોમાં જળ, સ્થળ અને વાયુમાં દેવત્વ વ્યાપક છે. અને આ સત્ય આપણા વેદોમાં પણ પ્રસ્થાપિત છે. વેદો કહે છે: अंतर बहिश्च तत् सर्वम् व्याप्य नारायण स्थित: ॥ આપણી અંદર અને બહાર સર્વ વ્યાપક પરમાત્માનો વાસ છે જ.

તો પછી એ સર્વ વ્યાપક પરમાત્મ તત્વને ઓળખવા માટે માનવી કેમ અસમર્થ છે? ઉપનિષદોએ આના ઉત્તર રૂપે કહ્યું છે "દૈવત્વના સાક્ષાત્કાર માટે તમે આચરેલા સર્વ કર્મોનું ફળ પરમાત્માને અર્પણ કરો". એક બીજો પ્રશ્ન દિવ્યત્વને ક્યાં સ્વરૂપમાં પામી શકાય? તો આનો પણ ઉતર છે सत्यं ज्ञानं अनंन्तम् ब्रह्म: ॥ (બ્રહ્મ સત્ય અને અનંત જ્ઞાનનું સ્વરૂપ છે). સત્યનો અર્થ કોઈ હકીકત કે પદાર્થના અસ્તિત્વની યથાર્થતા માટે નથી. પાર્થિવ કે દુન્યવી અર્થમાં સત્ય શબ્દને આ રીતે ઘટાવાય છે. પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિએ તો સત્ય કાળ અને સ્થળની સ્થૂળતાથી પર છે – અને સત્ય સદા અપરિવર્તનશીલ છે. આ અર્થમાં સત્યની કોતરણી કાગળ પર કે પદાર્થો પર થાય નહીં આ પરમ સત્ય તો હૃદયમાં અંકિત થાય છે. મનુષ્યએ પોતાની જીવન યાત્રામાં આ સત્ય પ્રકાશને પામવાનું લક્ષ્ય રાખી, તેને માટે સદાય તેનો પીછો કરવાનો છે.

**વ્યક્તિની કલ્પના અનુસાર પરમાત્માનાં સ્વરૂપનું દર્શન થાય.**

આ ચેતનતત્વ અનંત, અમર્યાદ છે. તે સર્વવ્યાપી છે. આ ચેતનતત્વને તમને ગમે તે સ્વરૂપે ભજી શકાય છે, એ દિવ્યત્વની પરિકલ્પના કોઈપણ સ્વરૂપમાં કરી શકો છો. ગમે તે ભાવે ભજો, તેજ સ્વરૂપમાં પોતાના ભક્તના આનંદની તૃપ્તિ કાજે પરમતત્વ સાક્ષાત થાય છે. જ્યારે ભક્તને પ્રાર્થનાનો સૂર હોય છે, “હે પ્રભુ, સદા મારી સમીપ રહો, મારી સાથે જ ડગ માંડો, મારી આસપાસ જ રહો”. “સંગ રહો હમારે સાઈ રામા.” અને ત્યારે પ્રભુ સદાયે ભક્તની સંગાથે જ રહે છે. અને ત્યારે પ્રભુના પાદચિન્હોના જ દર્શન ભક્ત ને થાય છે. જો ભક્ત એવો

પોકાર કરે, "હે પ્રભુ મારી દયાજનક વેદનાને આપ જોતાં નથી? મારી વ્યથા કે વેદના પર આપની દ્રષ્ટિ નથી?" ત્યારે ભક્તને પ્રભુના નયનો જ ઝાંખી થાય. અને જો ભક્ત કરે, "મારો વિલાપ આપના કાને પડતો નથી?" અને ત્યારે પ્રભુના કર્ણયુગ્મો જ દષ્ટિગોચર થશે. ઈશ્વર દર્શનની અનુભૂતિ તમને તમારા ભાવ, લાગણી અને તમારી પ્રાર્થનાને અનુરૂપ જ થાય છે. ભગવાન તો અણગણિત ચરણો, મસ્તક, આંખ અને કાનને ધરનારા છે. જેવો તમારો ભાવ, જેવી તમારી પ્રાર્થના, જેવી તમારી કલ્પના તેવા દર્શન તમને થાય. ઈશ્વરના નામ-રૂપ અનેક જેવી જેની કલ્પના તેવા તેને દર્શન થાય.

**અધ્યાત્મ પિપાસુ (સાધક) પરમ આનંદનું સ્વરૂપ છે.**

આનંદ શું છે? પ્રત્યેક વ્યક્તિને આનંદની તૃષ્ણા હોય છે. અધ્યાત્મ પિપાસુ-અધ્યાત્મ આકાંક્ષી પરમાનંદ સ્વરૂપ તરીકે વર્ણવાય છે. પરમાનંદ પણ અનેક નામોથી અંકિત છે અનંતાનંદ, સર્વોત્કૃષ્ઠ આનંદ, યોગાનંદ (દિવ્યત્વ અર્થ એકરૂપ હોવાનો આનંદ) બ્રહ્માનંદ, આત્માનંદ વિગેરે. પરંતુ આ સર્વ વિવિધ આનંદ રૂપો એકમાત્ર આનંદમાં સમાવિષ્ટ છે અને તે છે હૃદયાનંદ. ગમે તે નાનું પણ કર્મ વ્યક્તિ કરે તો પણ તેમાથી આનંદ પ્રાપ્ત કરવાની તેની ઇચ્છા હોય છે. આ આનંદ તો અંતરમાં જ સમાયેલો છે.

"સત્યમ્ જ્ઞાનમ્ અનંતમ્ બ્રહ્મ" આ સુત્રમાં બ્રહ્મ એ સર્વોતમ સત્ય, જ્ઞાન અને અનંતતા પૂર્ણ આનંદનું સ્વરૂપ છે. બ્રહ્મ એટલે જ વ્યાપકતા, સર્વત્ર વ્યાપક. સમગ્ર બ્રહ્માંડ એવો કોઈ ખુણો જ નથી કે જ્યાં પરમાત્માનો વાસ ન હોય તો પછી તેમને શોધવાની જરૂર જ ક્યાં છે? જો હૃદયના દ્વાર ખુલ્લાં જ હોય તો ચિદાનંદ સ્વરૂપ પરમાત્મ તત્વના દર્શન થાય જ. અને આ અનુભવ તો શ્રી કૃષ્ણપ્રિય ગોપિકાઓ નો જ છે.

નિરાકાર – નિસીમ સૃષ્ટિ

જો હોય પ્રભુનો વાસ તો પ્રવેશદ્વાર ક્યાં હોય?

દેહના તંબુરે જીવન તાર જોડી
પ્રભુ નામ સૂર છેડો,
પ્રભુના ચરણે આંસુના મોતીડા વધાવો,
શ્રી ચરણે સ્વર્ગ દર્શન થશે
હે જીવ ! એતો છે પ્રશાંતિ નિલયમનું દ્વાર.....

જ્યારે સમગ્ર જીવન, સમગ્ર શકિત અને સમગ્ર ઐશ્વરીય પરમાત્માના ચરણમાં અર્પણ કરો તો અવર્ણનીય આનંદનો અનુભવ થશે. આજનો માનવી આવા પરમાનંદની શોધમાં છે? તે માટે તે ઉત્સુક છે ખરો? તેની ખોજ માટે તે પ્રયત્નશીલ છે ખરો? 'ના' પરમાનંદનું કેન્દ્ર તો આપણું હૃદય છે. દિવ્ય સ્પંદનો તો હૃદયમાંથી જ ઉદભવે છે. આ સ્પંદનમાંથી જ 'રામનામ' પ્રગટે છે. જો ઈશ્વરનામનો મહિમા સમજાય, પ્રભુનામની સ્ફુરણા જાગે તો પછી સાધનાના માર્ગે જવાની પણ જરૂર ન રહે.

**સપ્તાહ યજ્ઞનો મહિમા**

આજે આપણે 'વેદ પુરુષ સપ્તાહ યજ્ઞ'ની સમાપ્તિ કરી છે. તો સપ્તાહ યજ્ઞનો મહિમા શું? આપણા અંતરમાં રહેલ સાત સ્વરો આપણે પરમાત્માને અર્પણ કર્યા. યજ્ઞ કાર્યના વિરામને સમાપ્તિ (પૂર્ણાહૂતિ) કહેવાય છે. સમાપ્તિ એટલે જ બ્રહ્મપ્રાપ્તિ (બ્રહ્મ ચેતનાની સિધ્ધિ). સાત દિવસના યજ્ઞનો હેતુ આ છે.

આ સાત દિવસ તો સાત ક્ષણની માફક વીતી ગયા. તેનું કારણ શું? આપણે આ સાતેય દિવસો જે પરમતત્વ કાલાતીત છે, જેમને કાળ કે સ્થળની મર્યાદા નથી એવા પરમાત્માનું સતત સ્મરણ કરતાં રહ્યા અને સાત દિવસના સર્વ કર્મો 'એ' પરમાત્માને આપણે અર્પણ કર્યા. આપણા વિચારોમાં સતત પરમાત્મા, આપણી જીહ્વા પર સતત પરમાત્મા નામ, આપણો સકળ સમય પરમાત્માની સૂક્ષ્મ સંનિધિમાં જ વિતાવ્યો. આમ જ્યારે આપણો સમય પરમ તત્વના સ્મરણમાં વ્યતિત કરીએ તો સમયકાળ બોજારૂપ ન લાગશે... આનંદપ્રદ બની રહે આ સાત દિવસ સમય આપણો માલિક ન હતો. સમય પર આપણું માલિકત્વ બની રહ્યું.

આ શી રીતે કરી શકાય? આ માટેનો સરળમાં સરળ ઉપાય છે ઈશ્વર નામ સ્મરણ. આના માટે સમૂહગાન વધુ આવકારદાયક છે. સમૂહ ગાનને સંકીર્તન કહેવાય. (પરમાત્માનું સમૂહ ગુણ ગાન) આ સંકીર્તનના પણ ચાર પ્રકાર છે: ગુણ સંકીર્તન, લીલા સંકીર્તન, નામ સંકીર્તન અને ભાવ સંકીર્તન. ગુણ સંકીર્તન એટલે પરમાત્માના અગણિત ગુણ – લક્ષણોનું ગાન. ભગવાન શ્રી કૃષ્ણના ગુણગાન ભક્ત

આ રીતે ગાય છે !

હે કૃષ્ણ, કૃષ્ણ તમને શી રીતે પરખીએ,
પરમાણુંથી યે પરમ સૂક્ષ્મ તમે,
વિરાટ થી યે અતિ વિરાટ તમે,
લખચોર્યાસી યોનીના પાલન હાર તમે,
હે અમાપ, અલૌકિક રૂપના ધરનારા
કૃષ્ણ તમને શી રીતે પારખવા?

ભગવાનના આવા વર્ણનથી કદાચ સંદેહ પણ ઉત્પન્ન થાય. જો પરમાત્મા પરમાણુંથીયે પરમ સૂક્ષ્મ હોય અને સકળ અવકાશથી યે જો વિરાટ હોય તો આપણને દશ્યમાન શા માટે નથી? સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરનાર અવકાશયાત્રીઓને તો ઈશ્વરના અસ્તિત્વ માટે પણ શંકા હોય છે. પરંતુ અવકાશનું સંશોધન કરતાં તેમના ચંત્રો અને જેના વડે ઈશ્વરની અનુભૂતિ કરી શકાય એવા મંત્રો વચ્ચે અનહદ તફાવત છે. પરમાત્મા મંત્ર સ્વરૂપ છે, યંત્ર સ્વરૂપ નહીં.

**લીલા અને ભાવ સંકીર્તન ::**

લીલા સંકીર્તનમાં ભક્તિ ગીતોમાં ભગવાનની લીલાઓ, (અલૌકિક-ચમત્કારિક કાર્યો) એવી ઘટનાઓ જેનાથી પ્રભુ આનંદ અનુભવે અને ભક્તોની કસોટી પણ થતી હોય તેવી ઘટનાઓનું વર્ણન સમાવિષ્ટ હોય છે. પ્રભુના રાહ ગહન હોય છે સામાન્ય રીતે અગ્રાહ્ય હોય છે. પ્રભુ કોકને રડાવે તો વળી કોકના આંસુ પણ લૂછતાં હોય છે, વૈરાગીનું આનંદ સુખ પિપાસુમાં રૂપાંતર કરે તો વળી વિષયલંપટ (ભોગી) નું સંતમાં પરિવર્તન કરે, પ્રભુ વળી કોઈકના ઉન્માદને પ્રોત્સાહિત કરે તો વળી અન્ય કોઈનું પાગલપન દૂર પણ કરે. આવી મુઝવણ યુક્ત ગાથાઓ પ્રભુ ભજનનો વિષય બની રહે છે. લીલા સંકીર્તનમાં ઈશ્વર ભજનના સૂર આ પ્રકાર ના રહે છે.

ભાવ સંકીર્તનમાં ભક્તહૃદયના ભાવની અભિવ્યકિત થાય છે. આ લાગણી કે ભાવ પણ અલગ અલગ હોય છે. પ્રભુ પ્રત્યેની ચાહના કે પ્રભુ સાથેનો પ્રિતભાવ પણ સમાન હોતો નથી. ભિષ્મ પિતામહના કૃષ્ણ પ્રત્યેના પ્રેમમાં શાંતિ અને સંતોષનો ભાવ વ્યક્ત થાય છે, અર્જુનનો પ્રેમભાવ સખાભાવ રૂપે વ્યક્ત થાય છે, હનુમાનની ભક્તિમાં ભગવાન રામ પ્રત્યેનો દાસ્યભાવ વ્યક્ત થાય છે તો માં યશોદા વાત્સલ્યભાવ વહેવડાવે છે. વૃંદાવનની ગોપિકાઓનો અનન્યભાવ અનુરાગભાવનું સ્વરૂપ છે. રાધાનો પ્રેમ, રાધાની ભક્તિ એ કૃષ્ણ પ્રત્યેના માધુર્યભાવનું પ્રતિક છે. રાધા શ્રી કૃષ્ણના સર્વ અંગોમા માધુર્ય નિહારતી હતી. કૃષ્ણના ઓષ્ઠ મધુર, કૃષ્ણના નયનો મધુર, કૃષ્ણઘેલી રાધા તો સર્વત્ર માધુર્ય અનુભવતી અને એથી જ તો કૃષ્ણની બંસરીના નાદમાં રાધા પાગલ થઈ જતી અને માટે જ સર્વ ભાવો માં શ્રેષ્ઠત્તમ ભાવ તે 'મધુરભાવ'.

**કીર્તન અને નામ સંકીર્તન માં રહેલો ફરક ::**

નામ સંકીર્તન સિવાયના અન્ય કીર્તનોમાં સંદેહ અને મુશ્કેલીઓ રહેવાની સંભાવના રહેલી છે. માટે જ કળિયુગમાં અતિ સરળ, નિઃસંદેહ સંકીર્તન જો હોય તો તે છે 'નામ સંકીર્તન'... ભગવદ્ નામનું સમૂહ ગાન. ભગવદ્ નામ સંકીર્તનમાં કોઈ સંદેહ - શંકા કે પછી આંતર મનના ઉદવેગને કોઈ અવકાશ જ નથી. જ્યારે કોઈ વ્યક્તિ એકલપંડે ભજન કરે તો પ્રશંશાભાવ કે અભાવ પ્રત્યે ઉદાસીનતા (તટસ્થભાવ) અનુભવે છે. ભગવદ્ નામનાં સતત રટણ કે સ્મરણ થકી હૃદયમાં આનંદનો અભિભાવ પ્રગટે છે આ ત્યારે શક્ય બને જ્યારે વ્યક્તિનું હૃદય પ્રભુ પ્રેમના પ્રવાહમાં ભીંજાય ને મૃદુ બન્યું હોય.

કીર્તન અને સંકીર્તનમાં દેખીતો ફરક છે કે કીર્તનમાં વ્યક્તિ એકલી એકલી પ્રભુમાં લીન બને છે. જ્યારે સંકીર્તનમાં એક નહિ વધુ વ્યક્તિઓ સૌ સંગાથ પ્રેમનો આનંદ અનુભવે છે. એટલે જ વ્યક્તિગત આનંદ માણે છે તે કીર્તન કરતાં સમૂહ આનંદ જેમાં અનુભવાય તે સંકીર્તનનો મહિમા વિશેષ છે. ઘણા ભક્તો જેઓ એકલા ગાઈ શકતા ન હોય તેવા સૌ કોઈ સમૂહગાનમાં નિઃસંકોચ જોડાઈને આનંદ માણી શકે છે.

**ધારવાડ માં એક ચમત્કારિક ઘટના**

આના અનુસંધાનમાં કેટલાક વર્ષો પહેલા કર્ણાટક મહાવિધાયલયમાં થયેલી મારી મુલાકાતનો પ્રસંગ મને યાદ આવે છે. કર્ણાટક મહાવિધાયલયનું સંચાલન વીરા શૈવો (શિવપંથીઓ) દ્વારા થઈ રહ્યું હતું. તેઓ તો ભગવાન શિવ સિવાય અન્ય કોઈ દેવનું નામ પણ કાને પડવા દેતા નહીં. મે મારૂ પ્રવચન કન્નડ ભાષામાં શરૂ કર્યું. મારી કન્નડ ભાષા ત્યાં ધારવાડમાં બોલતી કન્નડ ભાષા કરતાં વધારે મધુર હતી. પોતાની

ભાષા પ્રત્યેનાં પોતાના પ્રેમના કારણે કન્નડ ભાષામાં પ્રારંભિત મારા પ્રવચનથી તેઓ ખુબ જ ખુશ થયા. સામાન્ય રીતે જ મારા પ્રવચનની સમાપ્તિ સમૂહ ભજનથી થતી હોય છે. શ્રોતાઓ તરફ દ્રષ્ટિ કરી તેમનું મન વાંચવાનો મેં પ્રયાસ કર્યો. હું જાણતો જ હતો વિષ્ણુનાં નામ પ્રત્યે તેમને અભાવ – અણગમો હોય જ અને નારાયણનું નામ સાંભળતા જ તેઓ કાને હાથ દઈ દેશે, અને જો કૃષ્ણનું નામ સાંભળતા તો તેઓ પોતાનું મસ્તક જ ફેરવી દેશે.

આ પરિસ્થિતિમાં પણ મે ભજન ગાવાનું શરૂ કર્યું, "ગોવિંદ કૃષ્ણ જય ! ગોપાલ કૃષ્ણ જય !" અને અહો આશ્ચર્યમ ! સૌ શ્રોતાઓ એક સાથે ગાવા લાગ્યા. "ગોવિંદ કૃષ્ણ જય !" શ્રોતાઓમાં એક પ્રકાંડ ગુરુજી (શિવપંથી) પણ હતા. અરે ! તેમણે પણ ગાવાનું શરૂ કર્યું. "ગોવિંદ કૃષ્ણ જય ! ગોપાલ કૃષ્ણ જય !" સમારંભના અંતે મહાવિદ્યાલયના ઉપકુલપતિ શ્રી આડકે મારી તરફ દોડતા આવ્યા અને બોલ્યા, "સાઈબાબાના ચમત્કારનો આજે સાક્ષાત અનુભવ થયો. જેઓ એ કદી પોતાના મુખે કૃષ્ણનું નામ ઉચ્ચાર્યું નથી તે સર્વે આજે આનંદપૂર્વક કૃષ્ણનામનું રટણ કરવા લાગ્યા. આ છે મહાન ચમત્કાર!"

આ ઘટના પાછળનો બોધપાઠ શો છે? કોઈપણ વ્યક્તિ, તેની ભૂમિકા કોઈ પણ હોય, તે સર્વ ભૂલીને ભજનમય બની જાય છે – સંકીર્તન સરિતામાં ડૂબકી મારીને ભીંજાય જાય છે. દિવ્ય ભગવદ્ નામમાં એ શક્તિ રહેલી છે કે માનવી સર્વ કાંઈ ભૂલીને ભજનના સાગરમાં પોતે તન્મય થઈ જાય છે. જીવનમાં આવતી મુશ્કેલીઓના મહાસાગર માંથી નામ રટણની નૌકા જ પાર ઉતારે છે.

---

**૨૦ ઓક્ટોમ્બર ૧૯૮૮ ના દિને**

**પૂર્ણચંદ્ર હૉલમાં ભગવાન બાબાના પ્રવચનનું અવતરણ.**

# "શિક્ષણનું અંતિમ ધ્યેય – ચારિત્ર્ય ઘડતર"

**-ડૉ. જી.નાગેશ્વર રાવ**

ભગવાન શ્રી સત્ય સાઈબાબાએ અનેકવાર ભારપૂર્વક કહ્યું છે કે, દરેક વ્યક્તિમાં સદ્‌ગુણો કેળવાય અને તેનું ચારિત્ર્ય ઘડતર થાય એ જ શિક્ષણનો ઉદ્દેશ્ય હોવો જોઈએ.

## એજ્યુકેઅર : સાઈ શિક્ષણ પદ્ધત્તિનો મૂળ આધાર.

શ્રી સત્ય સાઈ શિક્ષણની ફિલસૂફીની મુખ્ય બાબત છે – એજ્યુકેઅરની વિચાર-વિભાવના. પારંપારિક રીતે ચાલી આવતા શિક્ષણ અંગેના ખયાલો અને 'તેઓ' જેને એજ્યુકેઅર કહે છે, તે બન્ને વચ્ચે શું ફરક છે તે, શ્રી સત્ય સાઈબાબા સ્પષ્ટપણે જણાવે છે. "તેઓ" કહે છે કે શિક્ષણવિદો કે જેઓ માત્ર પુસ્તકો (પાઠ્ય પુસ્તકો) વાંચે છે અને તેમાં લખેલુ વિદ્યાર્થીઓને સરકાવી દે છે, એનાથી સાચી કેળવણીના ધ્યેયો પ્રાપ્ત નથી થતા. વાસ્તવમાં, સાચી કેળવણી એ છે કે, જે પોતાના સાથી-સંગાથીઓ સાથે એકતાથી, સમાનતાથી અને શાંતિપૂર્ણ રીતે જીવન જીવતા શિખવાડે. અને આ બધુ હૃદયમાંથી ઉદભવે-એ જ એજ્યુકેઅર છે. આથી, જેને સામાન્ય રીતે શિક્ષણ તરીકે સમજવામાં આવે છે, તેની સાથે-સાથે જ એજ્યુકેઅરને પણ ચલાવવું જોઈએ. શિક્ષણ ક્ષેત્ર એ પ્રશ્નોનું ક્ષેત્ર છે. આમ કેમ? પેલું કેમ નહીં ? શા માટે? કેવી રીતે? શું ? પણ એજ્યુકેઅર એ પ્રશ્નોત્તરી નથી. એ તો ખોજ છે / ગોતવાની ક્રિયાછે. ગોતવું અને પ્રશ્નો પુછવા બન્ને અલગ બાબતો છે. ગોતવું / ખોજવું એ તપાસ કરવાની / શોધવાની પ્રક્રિયા છે. પોતાની અંદર વળવું એ ખોજનો મુખ્ય ભાગ છે. ખોજ / તપાસ માટે ઈન્દ્રિયોની પરે જવું પડે છે. ખોજ એ તમને સત્ય તરફ દોરી જાય છે. ભગવાન આથી જ એજ્યુકેઅર હોય તેમ ઈચ્છે છે. આપણી વાસ્તવિક ઓળખ શું છે, આપણો સાચો સ્વભાવ શું છે અને પોતાના વિશેનું જ્ઞાન થવું- એને માટે એજ્યુકેઅર છે. એજ્યુકેઅર = એજ્યુકેરના માર્ગદર્શક સિદ્ધાંતો – જે શ્રી સત્ય

સાઈબાબા જણાવે છે તે આ પ્રમાણે છે.

(અ) દિવ્યતા એ જ પ્રેમ છે – જે બધા માનવીય મૂલ્યોનો આંતરપ્રવાહ છે.

(બ) એજ્યુકેઅર – એ માનવીમાં રહેલા (નિહિત) માનવીય મૂલ્યોને બહાર લાવે છે અને તેને રોજીંદા જીવનમાં કાર્યશીલ કરે છે.

(ક) શિક્ષણનો ઉદ્દેશ્ય એ છે કે, દરેકે પૂર્ણ રીતે માનવીય અને આધ્યાત્મિક જીવન જીવવું.

(ડ) શિક્ષણનું અંતિમ લક્ષ્ય છે – ચારિત્ર્યવાન હોવું અને વિચાર-વાણી-વર્તનમાં એકરૂપતા હોવી એ જ ચારિત્ર્ય દર્શાવે છે.

શ્રી સત્ય સાઈ શિક્ષણ સંસ્થાઓ એટલા માટે સ્થાપવામાં આવી કે જેથી કરીને શ્રી સત્ય સાઈ વિદ્યાલયોનું વ્યવસ્થાપન કરી શકાય અને તેની ગુણવત્તા તરફ ધ્યાન રાખી શકાય, શિક્ષકોને માનવ મૂલ્ય શિક્ષણ (EHV) માટે તાલીમ આપી શકાય અને આ EHV માટે સરકારી અથવા ખાનગી શાળાઓ સાથે સંપર્ક રાખીને કાર્ય કરી શકાય. સ્થાનિક રીતિ-રિવાજ અનુસાર E H V કાર્યક્રમોને ઘડી કાઢીને, જાગરુક્તા લાવીને અને સરકારી શાળાઓમાં આ કાર્યક્રમ ચલાવવા માટે આ સંસ્થાઓને જવાબદારી સોંપાઈ છે. શ્રી સત્યસાઈ માનવ-મૂલ્ય શિક્ષણ કાર્યક્રમ પણ પોતાની રીતે સંપૂર્ણ નહતો અને એને સ્થાને એજ્યુકેર એ જીવનલક્ષી કાર્યક્રમ-એ સર્વગ્રાહી એવો વ્યાપક કાર્યક્રમ બની ગયો; માત્ર (વિધિવત) શિક્ષણ માટે જ નહીં પરંતુ ધર્મ, આધ્યાત્મિક્તા અને માનવતાની સાર-સંભાળ માટે પણ માનવીય મૂલ્યો જીવનને પરિપૂર્ણ, ઉમદા અને સર્વોત્તમ બનાવે છે. આ બધા ગુણો એ માનવી વ્યક્તિત્વમાં (અંદર) રહેલા જ હોય છે; માત્ર તેને બહાર કાઢીને કાર્યરત કરવા પડે છે. શ્રી સત્ય સાઈ એજ્યુકેશન એ પાંચ માનવ મૂલ્યો પર આધારિત છે: સત્ય, સદવર્તન, શાંતિ, પ્રેમ અને અહિંસા. માનવીની અંદર રહેલા આ તત્વોને બહાર કાઢવાથી સારૂ ચારિત્ર્ય નિર્માણ થાય છે. સારા ચારિત્ર્યનું નિર્માણ થવું / વિકસવું એજ તો શિક્ષણનું અંતિમ લક્ષ્ય છે, એમ શ્રી સત્ય સાઈબાબા કહે છે. શ્રી સત્ય સાઈ એજ્યુકેશન એ એવા એક સંપૂર્ણ-સંકલિત અધ્યાપનશાસ્ત્રને અપનાવે છે કે જે શિક્ષણની બધી પદ્ધત્તિઓ-ભણવાની અને ભણાવવા સહિત અપનાવે છે, એને અભ્યાસક્રમ સાથે અને શૈક્ષણિક વાતાવરણ સાથે સંકલિત કરે છે જેથી કરીને માનવીય મૂલ્યોનું પ્રગટીકરણ થાય.

## <u>શૈક્ષણિક શ્રેષ્ઠતાને ચારિત્ર્યના વિકાસ સાથે સંકલિત કરવું.</u>

શ્રી સત્ય સાઈબાબાની શૈક્ષણિક ફિલસૂફી અંગે ફરી એક વખત વિચારવું રહ્યું. ઝડપથી બદલાતી રહેતી આ દુનિયામાં, દરેક જણ મૂળ (મૂળભૂત તત્વ)ને શોધે છે અને પોતે કશાકની સાથે જરૂર જોડાયેલો છે, તે ભાવના રાખવા મથે છે, તેવા સમયે શિક્ષણનું એક મહત્વનું કાર્ય છે કે તે લોકોને તેમની વાસ્તવિક ઓળખ કરાવવામાં મદદરૂપ બને. આ ત્યારે જ બની શકે જ્યારે સમય અને સ્થળથી પરે હોય (સ્વતંત્ર હોય) એના મૂલ્યોને લોકો જીવનમાં ઉતારે. આ દષ્ટિકોણથી તાજેતરના વર્ષોમાં મૂલ્યોના કરવામાં આવેલા પુનર્વિચાર ઉપર નજર નાંખીએ. પ્રેમ, શાંતિ, સત્ય, સદવર્તન અને અહિંસા જેવા વૈશ્વિક અને સનાતન (સમયથી પર) એવા માનવમૂલ્યો એકત્ર થવાથી જ વિશ્વની સ્થિર મહાન સંસ્કૃતિઓની નૈતિક સુઝ અને સૂક્ષ્મ દષ્ટિનું વહન દર્શન થાય છે. દરેકને પોતાની સ્થિર (સાચી) ઓળખ થાય તે માટે શ્રી સત્ય સાઈ એજ્યુકેશન એ શાશ્વત (ન બદલાય તેવું) અને વૈશ્વિક માળખું રચવાનું કાર્ય કરે છે. ભગવાનની આ ફિલસૂફી (તત્વજ્ઞાન)ના આધાર પર જ શ્રીસત્ય સાઈ વિદ્યાલયો, મહાવિદ્યાલયો, વિશ્વવિદ્યાલયો અને અન્ય મેડીકલ અને સોશ્યલ (સામાજિક) સંસ્થાઓ કાર્ય કરે છે.

આ (ફિલસૂફી) નું લક્ષ્ય એ છે કે માત્ર બૌદ્ધિક વિકાસ જ નહીં પરંતુ માનવ વ્યક્તિત્વના બધા જ પાસાઓ-જેમ કે શારીરિક, બૌદ્ધિક, ભાવનાત્મક, સામાજિક અને આધ્યાત્મિક પાસાઓનો વિકાસ સાધી, માનવીને શ્રેષ્ઠ બનાવવો. શિક્ષણના વાસ્તવિક ઉદ્દેશ્યો છે – ચારિત્ર્ય ઘડતર અને શૈક્ષણિક શ્રેષ્ઠતા – એને પ્રાપ્ત કરવા / સિદ્ધ કરવા માટે આ માનવીય મૂલ્યોને શાળાના અભ્યાસક્રમ સાથે કેવી રીતે ભેળવી દેવા એ માટે આ

(પાસાઓ) આદર્શરૂપ છે. શ્રી સત્ય સાઈબાબા કહે છે : શિક્ષણનુંઅંતિમ લક્ષ્ય છે ચારિત્ર્ય ઘડતર. આજે નૈતિક, સૈદ્ધાંતિક અને આધ્યાત્મકિ મૂલ્યોનું પતન થયેલું જોવા મળે છે. આજના આધુનિક વિદ્યાર્થીઓને એમનામાં રહેલા આ મૂલ્યો અંગે કોઈ ભાન જ નથી. આજની (શિક્ષણ) પદ્ધત્તિને કારણે વિદ્યાર્થીઓમાં નૈતિક અને માનવીય મૂલ્યોનો જે અભાવ જોવા મળે છે, તેને વિકસાવવા માટે સાઈબાબા આગ્રહ સેવે છે. સમાજના અલગ-અલગ સ્તર / જૂથમાંથી અનાયાસે આવતા છાત્રોને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ આપવામાં આવે અને એવે વખતે-શિક્ષણ તેમને કેવી રીતે પરિવર્તિત કરે છે અને એવા સુધારાઓ એમનામાં શુ ફેરબદલ લાવે છે એ ઉપર જ શિક્ષણમાં થતા શૈક્ષણિક સુધારાઓનું સાચુ મૂલ્ય આંકી શકાય.

શ્રી સત્ય સાઈબાબાએ વિવિધતા ભર્યો જ્ઞાનનો ખજાનો (મહાસમુદ્ર) અને આધ્યાત્મિક, ધાર્મિક અને મૂલ્ય આધારિત જીવન જીવવા માટે દરેક પ્રકારનું માર્ગદર્શન આપેલ છે જેને રોજ-બરોજના જીવનમાં ઉતારવું એ પુરતું છે. વાસ્તવિક અને ઉપયુક્ત શિક્ષણ એ સંસ્કૃતિને, સંસ્કારિતાને અને માનવતાને દરેક પ્રકારની પ્રગતિનું કેન્દ્રબિન્દુ માને છે. સામાજિક આદર્શો કેવા હોવા જોઈએ એ જો (ફિલસૂફી) તત્વજ્ઞાન બતાવતું હોય તો, શિક્ષણ જે છે તે-આ આદર્શોને માનવ વ્યવહારમાં કેવી રીતે વાસ્તવમાં ઉતારવા તે માટે – પ્રયત્ન કરે છે. ભૂતકાળમાં જે આપણી ભવ્ય સાંસ્કૃતિક ધરોહર હતી-જે ભૌતિક અને આધ્યાત્મિક સમૃદ્ધિ હતી તેને ફરી પામવા માટે ભારતીય સમાજમાં ધરમૂળથી ફેરફાર થવો એ આજના સમયની માંગ છે. આવું કહેવું એ અતિશ્યોક્તિ પણ નથી કે શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને રાજનૈતિક આગેવાનો –આ બધા જેઓ પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે શિક્ષણ સાથે જોડાયેલા છે – તેઓ આજની ભારતની શિક્ષણ પદ્ધત્તિથી અસંતુષ્ટ તો છે. આમ, ભલે સંખ્યાત્મક દૃષ્ટિએ શિક્ષણ ક્ષેત્રમાં કેટલોક સુધારો-વધારો જોવા મળે છે પરંતુ એની સામે ગુણવત્તાની દૃષ્ટિએ શિક્ષણના સ્તરનું ઘણું જ અધ:પતન થયેલું જણાઈ આવે છે. આપણે આપણા મૂલ્યો ગુમાવી દીધા અને આધુનિક સમયને અનુરૂપ એવા નવા મૂલ્યો સ્થાપવામાં નિષ્ફળ ગયા.

**શ્રી સત્ય સાઈ માનવ–મૂલ્યનો કાર્યક્રમ:**

મોટા ભાગના શિક્ષિત વ્યક્તિઓમાં આજે માનવ-મૂલ્યોની ગેરહાજરી જણાય છે, વાલીઓ એમના બાળકોને ભણાવવા બહુ જ ઈચ્છુક છે પરંતુ કેવા પ્રકારનું શિક્ષણ આપવું એ અંગે તેઓને ખ્યાલ જ નથી. શિક્ષણ થકી વિદ્યાર્થીઓમાં માનવ-મૂલ્યો પ્રગટવા જોઈએ. ફક્ત શૈક્ષણિક જ્ઞાનની કોઈ કિંમત નથી. એ કદાચ રોટલો રળવા ઉપયોગી થઈ પડે. પરંતુ શિક્ષણે એથી પણ આગળ વધીને કાર્ય કરવું જોઈએ. શિક્ષણે દરેકને નૈતિક અને આધ્યાત્મિક બનાવીને, જીવનમાં આવતા પડકારોનો સમાનો કરવા તૈયાર કરવું જોઈએ. માનવી જ્યારે વ્યગ્ર અને ચિંતાતુર બને છે, અસ્વસ્થ બને છે ત્યારે એ ભલે ભણેલો-ગણેલો હોય પરંતુ માનવીય મૂલ્યોનો અભાવ એમનામાં જોવા મળે છે. આજે – શિક્ષણનો સાચ્ચો અર્થ શું-એ નથી શિક્ષકોને ખબર કે નથી વિદ્યાર્થીઓને ખબર. શિક્ષણથકી નૈતિકતા, સદાચાર અને ચરિત્ર નિર્માણ થવું જોઈએ.

માનવીએ આજે સાયન્સ અને ટેકનોલોજીમાં પ્રચંડ અને અસાધારણ જ્ઞાન મેળવેલું છે. પરંતુ આ તો ફક્ત ભૌતિક શિક્ષણાવસ્થાનું દ્યોતક છે અને વિદ્યાર્થીઓને માત્ર બાહ્ય દુનિયાનું જ્ઞાન આપે છે. ખરું જોતા માનવીને આ બાહ્ય (ભૌતિક) જ્ઞાનની જરૂર છે. એને હૃદયના શુદ્ધિકરણની જરૂર છે. આ માત્ર આંતરિક સંસ્કારિતાથી જ મેળવી શકાય.

શ્રી સત્ય સાઈ એજ્યુકેશન ઈન હ્યુમન વેલ્યુઝમાં પ્રોગ્રામ એ સ્વમાનીત્વ, સૌનું સારી રીતે ભલુ થાય અને વૈશ્વિક માનવ મૂલ્યોની રોજ અનુભૂતિ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે; અને બાળકના વ્યક્તિત્વના બધા પાસાઓને સ્પર્શ કરતા લેસન પ્લાનના આયોજન થકી આ બધુ પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરે છે. બાળકના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસને ધ્યાનમાં રાખવામાં આવે છે. શિક્ષકોને પણ ખ્યાલ આવી જાય છે કે, તેમના

વિદ્યાર્થીઓનો બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ થવામાં વધુ સરળતા આવી જાય છે અને એક પાક્કો વિશ્વાસ આવી જાય છે. મુકરર થયેલ અભ્યાસક્રમ થકી મુદ્દાસર ભણાવવુ, સૂક્ષ્મ દૃષ્ટિ સહિત વિચારણા, ચિંતન કરતા કરતા પ્રાપ્ત થતું જ્ઞાન, સમાજનીસેવા અને વિવિધતા હોવા છતાં તેમાં રહેલી એકતાનો અનુભવ બાળકોને જે થાય –આ બધા શ્રી સત્ય સાઈ માનવ મૂલ્ય શિક્ષણના કાર્યક્રમના વર્ગખંડીય અભ્યાસના મહત્વના લક્ષણો છે. આ કાર્યક્રમ બંન્ને માટે – એટલે કે, શિક્ષક અને વાલીઓ માટે મૈત્રીભાવવાળો અને બાળકો આસાનીથી ગ્રહણ કરી શકે એવો છે પછી બાળક ભલે કોઈ પણ વાતાવરણમાંથી આવતું હોય, ભલે તેની આર્થિક સ્થિતિ કેવી પણ હોય, તેની જાતિ કે વંશની પૂર્વભૂમિ ગમે તે હોય, ભાષા ગમે તે હોય કે એની બૌદ્ધિક ક્ષમતા ગમે તેવી હોય.

આ દુનિયામાં, જ્ઞાનથી વધુ કાંઈ નથી. સાચ્ચુ શિક્ષણ આપવું એથી વધુ અમૂલ્ય કશુય નથી. આ એ દર્શાવે છે કે દિવ્યતા, વિશ્વને કેવી રીતે ટકાવી રાખી રહી છે અને ભૌતિક રીતે, માનસિક રીતે અને સામાજિક રીતે માનવનું કલ્યાણ કરી રહી છે. માત્ર શિક્ષણ દ્વારા જ આપણે માનવતાની ઉત્પત્તિ અને સત્ય વિશે સમજી શકીએ છીએ. જેઓ દિવ્યતાના ગુણધર્મો કે એના મૂળભૂત નિયમો સમજી શકે છે તેઓ જ પ્રકૃતિ, સમાજ અને માનવીની અસીમ કાર્યક્ષમતા વચ્ચે રહેલા સંબંધને પણ સમજી શકે છે. કુદરતના આધીન બનીને રહેવા કરતાં, માનવી કુદરતની શકિતઓનો ઉપયોગ કેમ કરવો તે અંગેનું જ્ઞાન શિક્ષણ દ્વારા મેળવી શકે છે અને તે દ્વારા શ્રેષ્ઠત્તમ આનંદ અનુભવી શકે છે. આજની શિક્ષણ પદ્ધત્તિમાં આધ્યાત્મિક તત્વને કોઈ સ્થાન જ નથી. આવું શિક્ષણ એ સાચુ શિક્ષણ ન હોઈ શકે. મૂળભૂત રીતે તો શિક્ષણે જીવતત્વ (ચૈતન્ય) થી શરૂ કરીને પ્રકૃત્તિ તરફ આગળ વધવું જોઈએ. સમગ્ર માનવજાત એ એક દૈવી પરિવાર છે એવું લાગવું જોઈએ. સમાજમાં દિવ્યતા જે કાંઇ હાજર છે તેની અનુભૂતિ તો માનવી / વ્યક્તિ થકી જ થઈ શકે છે. જો કે, આજનું શિક્ષણ, ડીગ્રીની પ્રાપ્તિ સાથે પુરૂ થઈ જાય છે. વ્યક્તિએ પોતે મેળવેલા જ્ઞાનથી જીવનના પડકારોનો કેવી રીતે સામનો કરી શકાય અને જેટલું બને તેટલું બધા માનવીઓને સુખી કેવી રીતે કરી શકાય – ખુશ કેવી રીતે રાખી શકાય એ બાબત જ, સાચુ શિક્ષણ દરેકને શીખવે છે. સમાજમાં જન્મ્યા પછી, સમાજનું ભલુ થાય અને પ્રગતિ થાય એ જોવાની દરેકની ફરજ છે.

આજની શિક્ષણ પદ્ધત્તિ ખૂબ ઝડપથી અધ:પતિત થઈ રહી છે. સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પરિણમી છે, બધા સંબંધોમાંથી પ્રેમ / મમતા ઘટી ગયા છે, સંસ્થાઓ કે જે સરસ્વતીની સાધના કરવા માટે રચાઈ હતી તે હવે લક્ષ્મીની પૂજક બની ગઈ છે. પોતાને મળનારા પગારને ધ્યાનમાં રાખીને ભણાવનારા શિક્ષકો અને પોતાને નોકરી કેવી રીતે મળવાની છે તે મનમાં રાખીને ભણનારા વિદ્યાર્થીઓ – એ બન્ને ખોટા માર્ગ અપનાવી રહ્યાં છે. સદ્ગુણો અને સત્ચરિત્રની કદર નથી થતી કે નથી એને પ્રોત્સાહન મળતું – પરંતુ નાણા અને ધનસંગ્રહીઓની થાય છે. વ્યક્તિઓના વર્તનમાં અને માનવીય સંબંધોમાં ક્યાંય નૈતિક્તા, સદભાવ, યથાર્થતા કે સદાચાર-સરળતા જોવા જ નથી મળતા. આ પરિસ્થિતિ, માનવતાના ભવિષ્ય માટે ખૂબ ભારે પ્રમાણમાં ખતરનાક છે. આજે, જીવન ભયભીત, નિરાશાજનક અને સમસ્યારૂપ બનીને ઉભું છે. માનવી આજે એવી પથારી પર આળોટે છે કે જે મોટી સંખ્યામાં જીવાતોથી- ચાંચડ-માંકડથી ભરેલી છે અને એથી એને શાંતિ કે આરામ નથી.

શ્રી સત્ય સાઈ એજ્યુકેશન પદ્ધત્તિનું એક આગવું લક્ષણ એ છે કે આની ફિલસુફી વિદ્યાર્થીને સારૂ ચારિત્ર્ય ઘડતર કરવામાં મદદરૂપ બને છે અને આ બાબત સારૂ જીવન જીવવા માટે કમાવવા માટે તે પોતાનામાં કુશળતાઓ વિકસાવતો હોય તેના જેટલી જ મહત્વની છે. ભગવાન બાબા કહે છે શિક્ષણ એ જીવન માટે છે, નહીં કે માત્ર કમાવવા માટે. શ્રી સત્ય સાઈ શિક્ષણના સિદ્ધાંતો, સમૂળગા પરિવર્તનની સંકલ્પ દૃષ્ટિવાળા હોઈ અને વ્યાપકપણાથી વિસ્તરનારા હોઈ – આ બધા સિદ્ધાંતો દુનિયાના દરેક ભાગના બાળકો, સ્ત્રીઓ અને પુરૂષો માટે જીવનભર શીખતા રહેવા અને પરિવર્તન પામવામાં

ઉપયોગી નિવડી રહ્યાં છે. ભગવાનનો વિદ્યાર્થીઓને એજ સંદેશો છે : શિક્ષણનું અંતિમ લક્ષ્ય ચારિત્ર્ય ઘડતર હોવું જોઈએ. શિક્ષણ થકી ચારિત્ર્ય ઘડતર થવું જ જોઈએ અને જે શિક્ષણ ચારિત્ર્ય ઘડતર નથી કરી શકતું તે નક્કામું છે.

ભગવાન શ્રી સત્ય સાઈ બાબા-એ અત્યંત ઉચ્ચ આદરભાવ ધરાવતા વિશ્વશિક્ષક છે, કે જેમનું જીવન અને સંદેશ, વિશ્વભરના કરોડો વ્યક્તિઓને-ઈશ્વર તરફ વાળીને પોતાનું જીવન વધુ સ્પષ્ટ પ્રયોજનવાળુ બનાવી, નૈતિક જીવન જીવવા માટે પ્રેરિત કરી રહ્યા છે. એમના વૈશ્વિક અને સનાતન-શાશ્વત ઉપદેશો અને સાથે સાથે એઓ પોતે પોતાનું જીવન જે રીતે જીવ્યા, તે બાબતો પણ દુનિયાના દરેક ધર્મોમાંથી સત્યના અન્વેષકોને આકર્ષી રહી છે. તેવું હોવા છતાં, "તેમણે" કોઈ નવો ધર્મ સ્થાપવાની હિમાયત નથી કરી, ન તો તેમણે તેમના ભક્તોને / અનુયાયીઓને કોઈ ચોક્કસ ધર્મ અપનાવવા અપીલ કરી છે. યુવાન લોકો માટે યોગ્ય શિક્ષણ મળે તેનું મહત્વ શ્રી સત્ય સાઈ બાબાને મન વધુ છે.

વાલીઓ અને સમાજના આગેવાનોને અરજ કરવી ઘટે છે કે તેમના બાળકો અને પુખ્ત ઉંમરના યુવાનો, જે રીતે અવિધિસર-કઢંગી રીતના તેમજ વિધિબદ્ધ અનુભવો મેળવી રહ્યા છે તે અંગે ધ્યાન આપે.

શ્રીસત્ય સાઈ બાબાએ એક આદર્શ શિક્ષણ પદ્ધત્તિ સ્થાપી છે જે અંતર્ગત, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને પ્રમાણિત યુનિવર્સિટી કે જેમાં ચાર કેમ્પસ સામેલ છે અને એમાં પૂર્વસ્નાતક, સ્નાતક, માસ્ટર્સ અને પી.એચડી સુધીનું શિક્ષણ અપાઇ રહ્યું છે. વિદ્યાર્થીઓ પાસેથી કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી અને જાતિ-ધર્મ કે આર્થિક સ્થિતિના ભેદભાવ વગર સૌને માટે પ્રવેશ ખુલ્લો છે. શૈક્ષણિક ગુણવત્તાઓ પ્રાપ્ત કરવા ઉપરાંત વધુમાં, શ્રી સત્ય સાઈ બાબાની સંકલિત શિક્ષણ પદ્ધત્તિ એવી રીતેડીઝાઇન કરવામાં આવી છે કે વિદ્યાર્થીઓ સ્વશિસ્ત વાળા, આત્મસંયમી અને સમાજાભિમુખ બને.

- **લેખક – ઓડીશાના ગજપતી જીલ્લાના ગુરાંડી ખાતે આવેલ મીના કેતન ડીગ્રી કૉલેજમાં અધ્યાપક છે.**

- **ભૂતપૂર્વ વિદ્યાર્થીમંચ.**

# "તમામ બાબતો કરતા પ્રભુને પસંદ કરવાથી મળતા આશીર્વાદ"

**-ડૉ. એસ. સુમારાવ**

હું એવું પણ માનું છું કે, બહેનો-એ જોડવાનું કાર્ય વધુ સારૂ અને વધુ સરળતાથી કરી શકે છે, અને તેથી (કોર્પોરેટ લીડર્સ) સંગઠિત ક્ષેત્ર-કંપનીઓના આગેવાનો સાથે ચર્ચા-વિચારણા કરવાનું સહેલું હતું. હું તેમના અંગત જીવન અને અન્ય બાબતો વિશે પ્રશ્નો પુછતી હતી. જેને લીધે તેઓને માટે પણ એક માર્ગ ખુલ્લો થઈ ગયો કે જે દ્વારા તેઓ પણ મને સામા સવાલો કરતા, કે હું ત્યાં શા માટે હતી અને મારા ધ્યેયો શું હતા? એક પ્રશ્ન એવો હતો કે જે વારે વારે પુછાયા કરતો, ''તમે આટલી બધી યુવાન છોકરીઓને કેવી રીતે અહીં રાખો છો અને એમનો રસ કેવી રીતે ટકાવી રાખો છો?" અમને અમારા કોર્પોરેટ ક્ષેત્રોમાં ગણવેશ (ડ્રેસ કોડ) અંગે ઘણી બધી તકલીફો વેઠવી પડે છે. તમે આનું કેવી રીતે વ્યવસ્થાપન કરો છો? શું તેઓ રાજી-ખુશીથી સાંભળે છે / માને છે? તમે જેમાં માનો છો તે જ બાબતો આટલી બધી છાત્રાઓ પણ માને અને તે પણ કોઈ પણ જાતનો પ્રતિરોધ કર્યા વગર, એવી અપેક્ષા તમે કઈ રીતે રાખો છો? મેં સમજાવવાનો પ્રયત્ન કર્યો કે, એક વખત અમે ક્યાં હતા / કેવા હતા / શું હતા એ બાબત ઉપર ફોકસ કરી દેતા પછી તેમને વાળી લેવા સરળ થઈ જતું. પરંતુ ઘણી વખત તેઓ તેને પૂરી રીતે સમજી ન શકતા.

**સ્વામીની મહાસમાધિ પછીની સ્થિતિને પહોંચી વળવા:**

મને અનેક વખત પુછવામાં આવતું કે સ્વામીએ ૨૦૧૧ માં મહાસમાધિ લીધી તે પછીની સ્થિતિમાં તમે કેવી રીતે પહોંચી વળ્યા અને શું એને લીધે, તમારે માટે કશું પણ બદલાયું ખરૂં? આ સવાલનો જવાબ આપવા, મારે થોડુ ભૂતકાળમાં જવુ પડશે. જ્યારે હું ૧૩ કે ૧૪ વર્ષની ઉંમરની હતી અને શાળાએ જતી, તે વખતે તમે જેને "આધ્યાત્મિક અનુભૂતિ" કહો છો તે મને થઈ. મને ખબર નથી પડતી કે એને શી રીતે સમજાવું. આમ તો તે સાધારણ દિવસ હતો અને હું મારા કક્ષમાં ટેબલ પર કામ કરી રહી હતી. કોઈ ચોક્કસ જગ્યાએ જવું જરૂરીછે એવું મને લાગ્યું. હું સામાન્ય રીતે લાંબા અંતર સુધી ચાલવા જતી અને ત્યાં આ એક જગ્યા હતી કે જ્યાં સૂરજ ઊંડી ખીણમાં નીચે ઉતરી જતો તે હું જોતી. જ્યારે હું ત્યાં ગઈ અને બેઠી તો મને એવું લાગ્યું કે ઘણા સમયથી બધુ જાણે સ્થગિત થઈ ગયું હોય. મને મારા હૃદયમાં પુષ્કળ પ્રમાણમાં પ્રેમ છે એવું લાગવા માંડ્યું, અને હું એવું અનુભવવા લાગી કે સમગ્ર બ્રહ્માંડ મારી આસપાસ શ્વસિત થઈ રહ્યું છે. જાણે કે ઘાસ અને વૃક્ષો બોલતા હોય અને શ્વસન કરતા હોય. આ એક વિચિત્ર અનુભવ હતો અને થોડીક ક્ષણો માટે જ છે એવું મને લાગ્યું; પણ મેં જ્યારે ઘડિયાળ તરફ જોયું તો અડધો કલાક કરતા વધુ સમય વીતી ગયો હતો. હું આ અનુભવનું કોઈ વિશ્લેષણ નથી કરી શકી. મેં આ વિશે કોઈને ક્યારેય વાત કરી નહોતી.

હું જ્યારે અનંતપુર કોલેજમાં જોડાઈ, ત્યારે એક વખત હું શ્રી અરવિંદોનું સાહિત્ય વાચતી હતી અને એક ઠેકાણે એક વિભાગ સુધી પહોંચી કે જ્યાં હૃદયચક્રના ખુલવાની વાત હતી કે જ્યાં આવો જ અનુભવ વર્ણવાયો હતો. મને ખાતરી થઈ હતી કે આ કદાચ એ જ આધ્યાત્મિક અનુભવ હોવો જોઈએ. પરંતુ હું જાણું છું, જાણતા કે અજાણતા, આ એક અનુભવે મને સમજાવી દીધું હતું કે ખુશી શું છે અથવા આનંદ શું છે અથવા જીવનની કોઈક પદ્ધત્તિ / શૈલી હોવી જોઈએ જે હું નથી પ્રાપ્ત કરી શકી. કેટલીક વખત, મને આશ્ચર્ય પણ થાય છે કે તે અનુભવે મારી બધી વૈકલ્પિક તકો છીનવી લીધી છે કે શું?

આથી, હું જ્યારે સ્વામી વિશે વિચારૂ છું, ત્યારે હું પેલા અનુભવનું પોતીકાપણુ એમનામાં જ છે એવું માનું છું. હા, એમના (ભૌતિક) સ્વરૂપે મને અનેક રીતે મદદ કરી છે. શું હું તેને ખોઉં છું? હા, હું તેને ખૂબ ખરાબ રીતે ખોઇ રહી છું. એક દિવસ પછી બીજા દિવસ પર આપણે કેવી રીતે સરકી જતા હતા / વહી જતા હતા તેની તો કલ્પના પણ હું નથી કરી શકતી. પણ હું એ તો જાણું છું કે, "એમનું" સ્વરૂપ (ભૌતિક) એ એક નક્કર વાસ્તવિકતા હતી; એ કાલ્પનિક નહોતી અને આપણામાંથી ઘણાએ આ બાબતનો સચોટ અનુભવ કર્યો છે અને આથી જ આપણે ભલે ને ગમે તેટલા વ્યથિત / દુ:ખી હોઇએ આપણે ક્યારેય નાસીપાસ થયા હોય એવું નથી બન્યું કે નિરાશાની લાગણીઓ આપણને ઘેરી નથી વળી. અને એ વ્યથા પણ પારંપારિક પ્રકારની નહોતી રહેતી. એ કાંઇક જુદી જ રહેતી, અને એ તમને સંપૂર્ણપણે ખાઈ પણ નહોતી જતી.

બીજા શબ્દોમાં કહીએ, તો આપણે બધા, સ્વામીનું (ભૌતિક) સ્વરૂપ ન હોવા અંગે દુ:ખી થઈએ છીએ પરંતુ આપણે જાણીએ છીએ કે તે હજુ પણ આપણો જ હિસ્સો છે. ભલે આપણે એ વિશે કશું બોલતા ન હોઈએ અથવા 'એ' (સ્વરૂપ) ત્યાં છે એવું વર્તતા પણ ન હોઈએ, તેમ છતાં હૃદયના ઊંડાણમાં ક્યાંક આપણે એ જાણીએ જ છીએ કે સ્વરૂપ છે જ અને તેથીજ એક તબક્કે દુ:ખ / વ્યથા ઓગળી જાય છે અને એનું અસ્તિત્વ જ મરી જાય છે. 'એમનું' સ્વરૂપ એક યા બીજી રીતે આપણી સાથે જ છે. આ એક લાગણી /ભાવના-આપણને આગળ વધવા માટે શક્તિ પૂરી પાડે છે અને એ આપણે માટે શક્તિનો સ્ત્રોત બની જાય છે. નુકસાન ઉપર આપણે જેટલું વધુ ધ્યાન આપીશું, તેટલું જ વધું ધ્યાનમાં આવશે કે "એમણે" આપણા માટે કેટલું બધું કર્યું છે (કેટલુ બધુ આપ્યું છે).

છેલ્લે મારે એટલું જ કહેવાનું કે મેં એ બાબતની નોંધ લીધી છે કે જે વિદ્યાર્થીઓ આપણી પાસે આવે છે તેઓ અમુક સમય પછી ઉચ્ચ પ્રકારની સભાનતા કેળવે છે. જાગૃતિ કેળવે છે અને આત્મબોધિત થાયછે. આપણી પાસે સ્વામીનું

(ભૌતિક) સ્વરૂપ તો નથી ત્યારે એક ચિંતા આપણને હંમેશા સતાવે છે કે શું આપણે વિદ્યાર્થીઓને પ્રેરિત કરી શકીશું? જેમ ભગવાન કરતા. જો કે એ દષ્ટિએ જોવા જઈએ તો ભગવાનની જગ્યા તો કોઈ જ લઈ શકે નહીં, પરંતુ હું હૃદયથી દ્રવિત થઈ જાઉં છું જ્યારે ઘણા બધા વિદ્યાર્થીઓ કે જે "એમના" શબ્દો સાંભળવા તલસતા હોય છે અને "એમની" મહિમા / લીલા સાંભળવા ઉત્કંઠા રાખતા હોય છે એવા વિદ્યાર્થીઓની સંખ્યા વધવા પણ લાગી છે. એમને શિખવવું એ સાચેજ ગૌરવાસ્પદ બાબત છે કારણ એ આપણને પણ હંમેશા સભાન/સતર્ક રાખે છે. ''એમના'' સ્વરૂપની ગેરહાજરીમાં, આપણી એક અગત્યની જવાબદારી બની જાય છે કે "એમના" શબ્દોને જીવતા રાખીએ –માત્ર આપણા માટે જ નહીં પરંતુ જેઓ આપણી આસપાસ છે અને એક ચોક્કસ દિશાપ્રાપ્ત કરવાના હેતુથી સાચું માર્ગદર્શન મેળવવાની અપેક્ષાએ આપણી તરફ નજર કરીને બેઠા છે, તેમને માટે પણ. અંતે તો, આ જ "તેઓ" ઈચ્છતા – કે આપણે એમની વાણી અને દિવ્ય પ્રવચનોનું મહત્વ સમજી એની ઉપર ફોકસ કરીએ.

**(સૌજન્ય: રેડીયો સાઈ)**

------------------

**– લેખક– ૧૯૮૫ થી ૧૯૯૧ સુધી શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયરલર્નીંગના અનંતપુર કેમ્પસ્ માં ભણ્યા અને ત્યાર પછી ત્યાંજ ડીપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ અને કૉમર્સમાં અધ્યાપિકા તરીકે જોડાયા. હાલમાં તેઓ એસોસીએટ પ્રોફેસર અને ડીપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ અને કૉમર્સના વડા (HOD) તરીકે કાર્યરત છે.**

### : ભગવાનનો સંદેશ :

## અવતારો શા માટે આવે છે?

અવતારી પુરુષોમાં પૂર્વ જન્મના કોઈ ગૌરવ કે આચરણ સંચિત થયેલાં હોતાં નથી. કે જેના લીધે એક સામાન્ય મનુષ્યની માફક તેઓએ આ જન્મમાં ચૂકવણી કરવી પડે. તેઓની આ દૈવી લીલા છે કે જેના લીધે તેમણે જન્મ લીધો છે. સારા લોકોની ભલાઈ અને ખરાબ લોકોની અનિષ્ટતાના કારણે ભગવાનના અવતારનું નિમિત્ત બને છે. દાખલા તરીકે, નરસિંહ અવતાર. પ્રહલાદની ભલાઈ અને હિરણ્યકશ્યપની દુષ્ટતા એ અવતારનું કારણ બને છે. આ રીતે, ભગવાનના આગમનના કારણે સારા લોકો ખુશ થશે અને ખરાબ લોકોએ ભોગવવું પડશે. જ્યારે અવતારી પુરૂષો તેમણે ધારણ કરેલા શરીરમાં અંકિત થયેલ હોય, પણ તેમને કોઈ આનંદ કે શોક હોતો નથી. અવતાર એ કાંઈ પંચતત્ત્વોનું ઘટક નથી, એ ચિન્મય છે, મૃણમય નથી, એ આધ્યાત્મિક છે, ભૌતિક નથી. એને અહંકારવાદથી ખલેલ પહોંચાડી શકાતી નથી અથવા તેઓ “મારું” કે “તારું” થી પર છે. તે અજ્ઞાનની ભ્રાંતિથી અસ્પૃશ્ય છે. જો કે લોકો “અવતાર” ને ફક્ત માણસ સમજવાની ભૂલ કરે છે, પરંતુ તે પ્રકૃતિના મૂર્ત સ્વરૂપને અસર કરતું નથી. તે એના નિશ્ચિત કરેલા કાર્ય માટે આવે છે, અને તે કાર્યને પુરુ કરીને જ રહે છે.

“હું તમને કહીશ કે તે કાર્ય શું છે. તે સાધુઓનું રક્ષણ કરે છે, દુષ્ટોને શિક્ષા કરે છે અને ધર્મની ઢાલ બને છે. “સાધુ” દ્વારા હું, સાધુ અને તપસ્વીઓની વાત નથી કરતો, કે જેઓ સામાન્ય રીતે આ શબ્દથી ઓળખાય છે. હું વાત કરૂ છું સાધુ જેવા ગુણ, ભલાઈ, સીધા અને સદ્ ગુણી લોકોની. પરંતુ આ ગુણો તો પ્રાણીઓ અને જીવજંતુઓ પણ ધરાવે છે. સાચા અર્થમાં કહેવું હોય તો, સાધુઓને ઉત્તેજન આપવાનું શ્રેષ્ઠ સાધન સત્વગુણ (શુધ્ધતા) છે. “અવતાર” એ પવિત્રગુણનું મૂળ સ્વરૂપ છે. તે જ્યાં પણ મળે એને ઉત્તેજન આપે છે. પરંતુ સન્યાસીઓ જ્યારથી કમાણી પાછળ પડયા, તેઓ સાધુ કહેવાયા, પોતાને વિશેષ હોવાનું માનવા લાગ્યા અને ભગવાને તેમને ખાસ આશીર્વાદ આપેલ છે એવું ધારવા લાગ્યા.

“પરંતુ તેઓ જ ફક્ત સાધુઓ નથી. જેઓ સદાચારનું પાલન કરે છે, જેમનામાં સદ્આચરણ છે, જેઓ સત્યનું પાલન કરે છે, જેઓ સર્વેશ્વરનું સાન્નિધ્ય મેળવવા તરસે છે. જેઓ સદ્ ધર્મ પાળે છે,

જેઓ સર્વજનોને સમાન ગણે છે, તેઓ બધા જ સાધુ છે. રામાયણમાં, જટાયુને આ સદ્ ગુણને કારણે જ બચાવી લેવાયો હતો. એ જ તો કારણ છે કે હાથીઓને આશીર્વાદ આપવામાં આવ્યા છે અને કપિરાજોને ભગવાનની સેવા કરવાની તક આપવામાં આવી છે. ખિસકોલીને આશીર્વાદ આપવાનું કારણ પણ આ જ છે. મણકાની માળા ધારણ કરવાથી, ભગવો ઝભ્ભો પહેરવાથી કે હાથમાં લાકડી લેવાથી સાધુ નથી બની જવાતુ. ખાસ પ્રકારના કપડાં અને જીભ ઉપરની વાણી દ્વારા સાધુ છે કે નહીં, તે નક્કી કરી શકાતું નથી, ફક્ત અને ફક્ત "ગુણો" જ એ નક્કી કરે છે. દરેક પ્રાણીઓમાં સારા બનવાની સંભાવના રહેલી છે. તેથી ભલાઈને પ્રોત્સાહન આપવું એ જ વિશ્વનું કલ્યાણ છે.

"બીજું, દુષ્ટોને શિક્ષા. જેઓ નિયત મર્યાદાનું ઉલ્લંઘન કરે છે અથવા પ્રાણીઓની જાતમાં વ્યસ્ત રહે છે, અકર્મ, અન્યાય, અનાચાર અને જેઓ અહંકારમાં રાચે છે, તેઓને શિક્ષા કરવી જ જોઈએ. જેઓએ રજોગુણ અને તમોગુણને પ્રભુત્વ આપ્યું છે અને સત્ત્વગુણોને ભગાડયા છે અને આ રીતે દયા, ધર્મ અને દાન ગુમાવી દીધા છે, તેમને શિક્ષા થવી જ જોઈએ." ત્રીજું, શ્રીકૃષ્ણએ અર્જુનને જણાવ્યું કે ધર્મને પ્રોત્સાહન આપવું એ પણ "એમનું" કાર્ય છે. આ સંદર્ભમાં સાધુનો બીજો પણ અર્થ છે: સાધુ એ છે જે પોતાની ફરજમાંથી વિચલિત થતો નથી, પછી ભલેને ગમે તેવી લાલચ હોય કે ભય હોય, દુષ્ટ લોકો આવા લોકોની મુશ્કેલી સર્જવામાં રચ્યાપચ્યા રહે છે અને શાસ્ત્રોની વિરુદ્ધ કામો કરવામાં વ્યસ્ત રહે છે. તો પછી ધર્મ સ્થાપનાનું શું? શાસ્ત્રોમાં જે ઉલ્લેખ કરાયો છે તે, ધર્મના આધારે ચુસ્તપણે વર્તવું, ધર્મમાં જે પ્રમાણેના જીવન જીવવાની ભવ્યતા દર્શાવવામાં આવી છે તેને લોકોમાં ગૌરવ અને વૈભવના મહિમા સાથે ફેલાવવી. વેદો અને શાસ્ત્રો, ભગવાન, અવતારો, પરમ પુરુષો પ્રત્યેની આસ્થાને સ્થિર કરવી અને સાધના કે જે જીવનને મુક્તિ તરફ દોરી જાય છે, તેને ધર્મ સંસ્થાપના, ધર્મરક્ષણ અને ધર્મોધ્ધારણા કહેવાય છે.

" "હું" જે કાંઈપણ કરું છું, તે બધું જ ઉચ્ચ હેતુ માટે છે. કાંઈ પણ "મારી" પોતાની ઉન્નતિ માટે નથી. જેઓ આ રહસ્ય જાણે છે તેઓ જન્મ અને મૃત્યુ થી પર રહે છે," ભગવાન શ્રીકૃષ્ણે કહયું.

એવું અનુભવાય છે કે ભગવાન દૂર છે, ઘણા દૂર છે, તમારાથી જુદા છે, તેને પરોક્ષજન કહેવાય છે. એવું અનુભવો કે જે ભગવાન બ્રહ્માંડમાં વિશ્વવ્યાપી છે, તે તમારામાં પણ આત્મા તરીકે રહેલો છે-કે જે અપરોક્ષજન છે. જો બધી જ પ્રવૃત્તિઓને સમર્પિત જુસ્સાથી, ચિત્તથી કરવામાં આવે તો માણસમાં તે શુધ્ધ રીતે હાજર થાય છે. જેઓમાં ફક્ત શુધ્ધ ચેતના છે, તેઓ જ ભગવાનની દૈવી પ્રકૃતિ જન્મ અને કર્મને સમજી શકે છે, એવું શ્રીકૃષ્ણએ કહયું છે. બધા જ તેમને દૈવી તરીકે ઓળખી શકતા નથી. છતાં કોઈએ પણ "ભગવાન" જોડેના સંપર્કની અવગણના કરવી જોઈએ નહીં, કે જે ભગવાન માનવ સ્વરૂપે છે. તમારા શ્રેષ્ઠ પ્રયાસો કરો અને દરેક તકનો શ્રેષ્ઠ ઉપયોગ કરો. તમારા તરફથી કાંઈ પણ રહી ન જવું જોઈએ.

આ પ્રકરણના દશમા શ્લોકમાં આ બાબત ભારપૂર્વક કહેવામાં આવી છે કે જયાં અધિકારના સંકેતો, લાયક ઉમેદવારને આપવામાં આવે છે. "અર્જુન ! બધા મારા જન્મ અને કર્મના દિવ્યત્વને સમજી શકતા નથી. જેઓ ફક્ત આસક્તિ, ધિક્કાર, ભય અને ગુસ્સાથી મુક્ત છે; જેઓ ભગવાનના "નામ" અને "સ્વરૂપ" માં લીન છે, જેઓ "મારા" સિવાય અન્યના ટેકાને જાણતા નથી, જેઓ આત્માના જ્ઞાનથી પવિત્ર છે, તેઓ જ એને આત્મસાત કરી શકે છે. જેઓ મને અવિરતપણે શોધે છે, જેઓ સત્ય, ધર્મ (સદાચરણ) અને પ્રેમ ધરાવતા હોય તેઓ જ "મને" પ્રાપ્ત કરી શકે છે. હું કહું છું તે આ તદ્દન સત્ય છે. માટે તમને કોઈ પણ શંકા હોય તો તે કાઢી નાંખો.

"પુરૂષોમાં અજ્ઞાન દ્વારા રહેલી દુન્વયી કર્મ સંબંધી આંતરિક ચેતનાઓને અશુધ્ધ કરે છે. તેઓ ફક્ત શબ્દ, રસ, ગંધ વગેરેમાં જ આનંદ લે છે. તેઓ પોતાના ઉદ્દેશ અનુસાર જ આનંદ શોધે છે. તેઓ એવી ભૌતિક વસ્તુઓ શોધે છે કે જે તેઓને આનંદ આપે છે. પછી પ્રયત્નમાં અસફળ થતાં તેઓ બેચેન, દ્વેષપૂર્ણ અને ભયભીત થાય છે. ડર, માણસના

માનસિક સંસાધનોને લૂંટી લે છે. તે ગુસ્સો પેદા કરે છે, જે સહેલાઈથી શાંત થતો નથી. આ રીતે ઈચ્છા, ગુસ્સો, ડર એક પછી એક પેદા થાય છે. એ ત્રણે ને દૂર કરવા પડે છે. અર્જુન, તારા માનસપટમાં આ તથ્યોનું મંથન કર અને પછી કાર્ય કર. વાજબી (સમજદાર) બની રહે. મારા માં શબ્દોમાં વિશ્વાસ રાખો."

અર્જુને આ બધું સાંભળ્યું અને પૂછયું. " નંદકુમાર, શા માટે તમે આ પવિત્ર અને ઉચ્ચ કક્ષા, બધા લોકો માટે પ્રાપ્ય નથી કરાવતા? "તમે" તમારી જાતને પ્રેમ સ્વરૂપ અને દયામાયા વાળી જાહેર કરી છે, તો પછી આ બધો પક્ષપાત કેમ? હું એને પક્ષપાતવાદ જાહેર કરીશ જ. કારણ કે તમે આ કક્ષા જ્ઞાનીઓને જ અર્પણ કરો છો અને અજ્ઞાનીઓને અવગણો છો. હું એ પણ કહીશ કે અજ્ઞાની, જે વ્યક્તિ ઘડિયાળના લોલકની માફક એક વસ્તુ તરફથી બીજી વસ્તુ તરફ ઝોલાં ખાય છે, તેમને તમારી કૃપાની વધુ જરૂરિયાત છે, જ્ઞાની માણસ તો બધું જાણે જ છે. એ જાણે છે કે જગત વિષ્ણુમય છે. તો પછી તેમને વધુ સ્પષ્ટતાની શી જરૂર છે? તેમને કોઈ વધુ કૃપાની જરૂરિયાત નથી."

શ્રીકૃષ્ણએ જવાબ આપ્યો, "હા. લોકો સામાન્ય રીતે આવી શંકાઓની ભૂલ ભૂલામણીમાં ગુંચવાઈ જતા હોય છે. તું માનવ જાતનું પ્રતિનિધિત્વ કરે છે અને તેથી તારી શંકા પણ સમગ્ર માનવ જાતની શંકા છે. તારી શંકાને સ્પષ્ટ કરતાં હું પણ "મારો માનવતાવાદી સંદેશ" જાહેર કરું છું તે સાંભળ. જેઓ "મને" શોધે છે, તેઓ ચાર પ્રકારના છે. એક એવા પ્રકારના લોકો છે, જેઓ પોતાની શારિરીક સમસ્યાઓથી પિડાઈ રહ્યા છે. તે આર્ત છે. બીજા એવા પ્રકારના લોકો છે કે જેઓ તેમની સમૃધ્ધિ, સત્તા, જાતને મહત્ત્વ, સંપત્તિ, વંશ વગેરેને માટે સંઘર્ષ કરે છે અને તેથી ચિંતાતુર છે -તે અર્થાર્થી છે. ત્રીજા એવા વ્યક્તિઓ છે કે જેઓ પોતાના આત્માની અનુભૂતિ માટે ઝંખના કરે છે, સત્સાહિત્ય અને પવિત્ર ધર્મગ્રંથોનું વાંચન કરે છે, આધ્યાત્મિક સાધકોની સંગાથે તેઓ ભ્રમણ કરે છે. સંતોએ પ્રસ્થાપિત કરેલો સદાચાર જેવો માર્ગ અનુસરે છે. તેઓ હંમેશાં ભગવાનનું સાન્નિધ્ય પામવા માટે આતુર હોય છે તે- જિજ્ઞાસુ છે. ચોથો પ્રકાર છે જ્ઞાની પુરૂષોનો. તેઓ બ્રહ્મતત્ત્વમાં જ ડૂબેલા રહે છે.

" પ્રથમ: -આર્ત -તેઓ જ્યારે મુશ્કેલીમાં હોય અને દુ:ખ કે શારીરિક પીડાથી કણસતા હોય, ત્યારે જ મને યાદ કરે છે. જ્યારે તે મારી પ્રાર્થના કરે છે ત્યારે હું તેને સાંભળું છું. તેમની જે ખાસ મુશ્કેલી, દુ:ખ કે પીડા હોય તે દૂર કરી તેમને સંતોષ આપુ છું. બીજા: અર્થાર્થીઓ- તેઓ સમૃધ્ધિ અથવા સ્થિતિ અથવા સત્તા અથવા ઉચ્ચ કક્ષા માટે મને પ્રાર્થના કરે છે, ત્યારે હું તેઓને સાંભળું છું. તેઓને જે જોઈએ તે તેમને આપું છું. બાકીના બધાઓ જિજ્ઞાસુ, યોગ્ય ગુરુના માર્દર્શન હેઠળ નિષ્કામ કર્મો કરવા કૃપાપાત્ર બને છે અને છેવટે ધ્યેય હાંસલ કરે છે. તેઓ આત્મા અને અનાત્મા વચ્ચેનો ફરક સમજવા યોગ્ય બુદ્ધિ ધરાવતા હોઈ, યોગ્ય ગુરુના માર્ગદર્શન હેઠળ નિષ્કામ કર્મો કરવા કૃપાપાત્ર બને છે. અને છેવટે ધ્યેય હાંસલ કરે છે. હું તેમને આશીર્વાદ આપું છું. તેઓ વિક્ષેપોથી બચે છે અને તેઓના મુક્તિના એકમાત્ર ધ્યેયને કેન્દ્રિત કરવા મદદરૂપ થાઉં છું.

"હું કલ્પવૃક્ષ જેવો છું. મારૂં કાર્ય, જે વ્યક્તિ જે માંગે તેને તે આપવાનું છે. મને કોઈના પ્રત્યે પૂર્વગ્રહ નથી અને હું કોઈની તરફેણ પણ કરતો નથી. ક્રુરતાનો પડછાયો પણ મને સ્પર્શી શકતો નથી. કોઈ દોષ મને દોષિત કરી શકતો નથી. દાખલા તરીકે: સૂર્યના કિરણો તેના માર્ગમાં આવતા દરેક ઉપર સમાન રીતે પડે છે. પરંતુ કોઈક વસ્તુ બીજી વસ્તુની પાછળ હોય, કે બંધ રૂમમાં અંદરની બાજુએ હોય, તો સૂર્ય તેમને કેવી રીતે પ્રકાશિત કરી શકે? માટે ઉચ્ચ તૃષ્ણાની ખેતી કરો અને ઉચ્ચ તબક્કાઓ પ્રાપ્ત કરો. દોષ મહત્ત્વકાંક્ષા અને તેની આકાંક્ષાઓમાં રહેલો છે, ભગવાનના મનના વલણમાં નહીં.

**– સ્ત્રોત ગીતા વાહીની.**

# "શ્રી સાઈના શબ્દો હંમેશા સત્ય"

- વેંકટ જયરામ

૧૯૭૫ નો માર્ચ મહિનો હતો અને અમારી વાર્ષિક પરીક્ષા ઝડપથી નજીક આવી રહી હતી. દરરોજ સ્વામી અમોને (વિદ્યાર્થીઓને) પૂછતા કે અમારો અભ્યાસ કેવો ચાલે છે ? આ ઉપરાંત તેઓ અમારા પ્રિન્સીપાલ શ્રી ડી.નરેન્દ્ર, ગૃહપતિ શ્રી સુદર્શન અને પ્રાધ્યાપક એમ. નન્જુનદૈહ પાસેથી પણ અમારી પ્રગતિ બાબતે પૂછપરછ કરતાં. જ્યારે પરીક્ષાનો દિવસ આવી ગયો. કમનસીબે મને ખૂબ જ તાવ આવ્યો અને મારામાં ઉભા થવાની પણ શક્તિ ન હોતી. તે દિવસે એડવાન્સ એકાઉન્ટનું પેપર હતું. પરીક્ષા બપોરે ૨-૦૦ વાગે હતી. હું મારી પથારીમાં સૂતો હતો અને હાથ ઉંચો કરવા માટે પણ અશક્ત હતો. મેં ધીમેથી મારી આંખો ખોલી અને જોયું તો મારા બધા જ સહાધ્યાયીઓ ભોજન ખંડમાં બેસી તૈયારી કરી રહ્યાં હતાં. મને મારી જાત ઉપર દયા ઉપજી અને સંપૂર્ણ થકાનમાંથી બહાર નીકળી ગયો.

**<u>હું સ્વામીની કૃપાથી ત્રીજો રેન્ક મેળવી શક્યો:</u>**

અમારા ગૃહપતિ શ્રી સુદર્શને મારી દુર્દશાથી સ્વામીને માહિતગાર કર્યા અને મને તરત જ કરૂણાશીલ ભગવાને બોલાવ્યો. મારા બે હોસ્ટેલ મિત્રો મને સ્વામીના રૂમ સુધી લઈ ગયા અને સ્વામીએ તેમના અનંત પ્રેમ થકી વિભૂતિ ઉત્પન્ન કરીને મારા જમણા હાથ તેમજ માથા ઉપર લગાવી દીધી. ભગવાને કહ્યું, ''તું શાંતિથી જા અને પરીક્ષાખંડમાં બેસ. હું તારા માટે લખીશ". હું તો ભગવાનના દિવ્ય ચરણકમલમાં નતમસ્તક થઈ ગયો.

પરીક્ષાખંડમાં પહોંચીને મેં મારી જગ્યા લીધી. દિવ્ય પ્રભુને પ્રાર્થના કરી અને પછી કઈ રીતે લખ્યું એ બહુ સ્પષ્ટ મને યાદ નથી. મેં મારામાં એક દિવ્ય ઊર્જા અને શક્તિનો અનુભવ કર્યો. બીજા વિદ્યાર્થીઓ પરીક્ષાખંડ છોડે એ પહેલા જ હું લખીને નીકળી ગયો.

હોસ્ટેલના મારા સાથી મિત્રોને દુઃખ હતું કે હું બિમારીને કારણે મારી ક્ષમતા મુજબ લખી શક્યો નહીં. સાંજે દર્શન પછી અમે વૃંદાવનની ઓસરીમાં બેઠા હતાં, મને જોઈને સ્વામીએ કહ્યું ''રેન્ક વસ્તુન્ડી" મતલબ કે હું 'રેન્ક પ્રાપ્ત કરીશ'. દરેક જણને લાગ્યું કે કદાચ સ્વામી મજાક કરે છે.

થોડા અઠવાડિયા પછી જ્યારે વર્તમાનપત્રમાં પરિણામ જાહેર થયું તો અમે જોયું કે, અમારી કોલેજના ઘણાં વિદ્યાર્થીઓએ બી.એ., બી.કોમ અને બી.એસ.સી.માં રેન્ક મેળવ્યા હતાં. અમારી કોલેજ બેંગ્લોર યુનિવર્સિટી સાથે સંલગ્ન હતી. મને ત્રીજો રેન્ક મળ્યો હતો. જ્યારે સ્વામી કહે છે તે અવશ્ય બને જ છે. 'સાઈ વાક સત્યવાક' મતલબ સ્વામીના શબ્દો હંમેશા સત્ય હોય છે.

**<u>સ્વામી પાસેથી સોનાની વીંટી મેળવવાની અભિલાષાઃ-</u>**

બે દિવસ પછી એક દિવસ સવારમાં મારા સહાધ્યાયી રાધાકૃષ્ણ અને બીજા બે વિદ્યાર્થીઓ સાથે હું સ્વામીની પાદસેવા માટે ઉપર જતો હતો. અચાનક જ સ્વામીએ કહ્યું, " હું રેન્ક લાવનારને સોનાની વીંટી / ચેઈન આપીશ. હું સ્વામી પાસેથી સોનાની વીંટી મેળવવા માટે ખૂબ જ ઉત્સાહી હતો. મેં વિચાર્યું કે બહુ જલ્દીથી વીંટી મળશે. દિવસો પસાર થતાં ગયા અને તે દરમ્યાન મારે કૌટુંબિક કારણસર ચેન્નાઈ પાછા જવું પડ્યું. હું હંમેશા સ્વામી પાસેથી વીંટી મળવાની અભિલાષાથી વિચારોમાં ખોવાયેલો રહેતો. ધીમે ધીમે દિવસો, અઠવાડિયા, મહિના, વર્ષો જવાં લાગ્યા.

આ દરમ્યાન, હું ઘણી વાર પ્રશાંતિનિલયમ આવતો-જતો પરંતુ હું હંમેશા, એક ભક્તની જેમ જ બીજા ભક્તો સાથે બેસતો અને હૃદયને સંતોષ મળે તે રીતે પ્રભુના દર્શન કરતો. મેં કદી પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મળતી તકનો ઉપયોગ કર્યો નહિ. હું ફક્ત અંદર જવા માટે વિનંતી કરતો અને બેસતો. હું હંમેશા મારા સમિતિના સભ્યો સાથે શેડમાં જ રોકાતો અને તેમની સાથે ભક્તોની જગ્યાએ જ બેસતો. ઘણી વાર જ્યારે હું પહેલી હરોળમાં બેસતો ત્યારે સ્વામી મારા તરફ દૃષ્ટિ કરતાં. બે વાર તો મને સ્વામીના ચરણ સ્પર્શ પણ મળ્યા.

ઓગષ્ટ ૨૦૦૨ માં અમારા સમિતિ કન્વીનરે પર્તિયાત્રાની જાહેરાત કરી. હું પણ પર્તિયાત્રામાં જોડાયો. અને મને કલ્પના પણ નહોતી કે આ યાત્રા સાથે ભગવાનના 'સાઈ વાક'નું કોઈ જોડાણ હશે કે જે મને ભગવાને બી.કોમ ના પરિણામ પછી આશીર્વાદ આપ્યા હતાં. અમ્બાતુરથી ૩ બસો ભરીને ભક્તો ચેન્નાઈ થઈ પુટ્ટપર્તિ પ્રેમાળ ભગવાન પ્રભુ સાઈના દર્શન કરવા પહોંચ્યા. અમે બધાં એક મોટા શેડમાં રોકાયા. સાંજે દર્શન કર્યા પછી રાત્રે નિરાંતે સૂઈ ગયા. વાતાવરણ ખૂબ જ આનંદમય હતું અને ભજનથી મળેલો નિજાનંદ શ્રેષ્ઠ હતો.

**દિવ્ય સ્વપ્ન અને સોનાની વીંટીની ઈચ્છાપૂર્તિ:**

મારા પત્ની અને હું, સાંજનું ભોજન લીધા પછી શાંતિથી ઊંઘી ગયા. મને સ્વપ્ન આવ્યું અને સ્વપ્નમાં સ્વામીએ મને આવતી કાલે સવારના દર્શન વખતે ચોક્કસ કઈ હરોળમાં બેસવું તે કહ્યું. તે દિવસોમાં બધા જ ભક્તોએ હરોળમાં બેસવાનું અને દરેક હરોળે એક ટોકન લેવાનો અને ટોકનમાં જે નંબર આવે તે મુજબ હરોળને સાઈકુલવંત હોલમાં પ્રવેશ મળતો. સ્વામીએ હોલમાં ચોક્કસ કઈ જગ્યાએ બેસવું તેનો પણ નિર્દેશ કર્યો હતો.

૨૫ ઓગષ્ટ ૨૦૦૨ ના રોજ હું ઉઠ્યો અને સમય જોયો તો સવારના ૩-૦૦ વાગ્યા હતાં. મેં સ્વપ્ન યાદ કર્યું અને મારી પત્નીને ઉઠાડીને તે અંગે વાત કરી. અમારા શેડના બીજા ભક્તો ઉઠે તે પહેલાં અમે સ્નાન કરી લીધું. ૩-૪૫ વાગે અમે તૈયાર થઈ ગયા અને સુપ્રભાતમના સમયની રાહ જોતા રહ્યાં. અમે ૪-૪૫ વાગે અમારા બધાં સાથી મિત્રો અને અન્ય સાઈભક્તો સાથે અમે શેડથી નીકળી મંદિર તરફ પ્રયાણ કર્યું. અમે ગણેશ મંદિર નજીક થતી હરોળમાં જઈને બેસવાનું નક્કી કર્યું.

ઠંડી અને પવનની લહેર અમને ધ્રુજાવતી હતી પરંતુ પ્રશાંતિના અદભૂત દિવ્ય તરંગો અને સુગંધ અમને જાણે કે અમે વૈકુંઠમાં હોય એવો અનુભવ કરાવતા હતા. બરાબર ૬-30 વાગે અમને હરોળમાં બેસવાનું કહ્યું. મને સ્વામીએ સ્વપ્નમાં જે પ્રમાણે કહ્યું હતું તે મુજબ તે હરોળમાં હું બેઠો. મારા સાથી મિત્રોએ મને તેમની હરોળમાં આવવા કહ્યું. પરંતુ મેં તેમને ભગવાને પસંદ કરેલી હરોળમાં જ બેસવા દેવા કહ્યું. મારા કહેવાના આશયની ગંભીરતા સમજી તેઓ પણ મારી સાથે આવી ગયા. અપેક્ષા મુજબ જ મારી હરોળનો પ્રથમ નંબર આવ્યો અને અમને સાઈકુલવંત હોલમાં લઈ જવાયા. સ્વામીએ મને જે જગ્યાએ બેસવાનું હતું એ બતાવ્યું હતું એટલે હું સીધો એ જ જગ્યાએ જઈને બેસી ગયો. વાતાવરણ ખૂબ દિવ્ય અને આનંદદાયક હતું. ૭.૪૫ કલાકે દિવ્ય પ્રભુના પૂર્ણચંદ્રમાંથી બહાર આવવાના ચિહ્નો જણાયા. તરત જ અમને વાંસળીનું દિવ્ય સંગીત સંભળાયું અને ભગવાન તેમના ભક્તોને દર્શન આપવા પધાર્યા. તેઓ તેમના પથ પર એવા ધીમેથી ચાલતાં હતાં જાણે કે તેઓ હવામાં તરી રહ્યાં હોય. લગભગ મારાથી ૫૦ ડગલાં દૂર હશે અને ભગવાને મારી સામે ગંભીરતાથી જોયું. એમનો દિવ્ય પ્રેમાળ ચહેરો મારા શરીર મન અને આત્મામાં અંકિત થઈ ગયો. હું આ અદભુત ક્ષણોમાં એકચિત્ત થઈને બેસી રહ્યો. પ્રભુ મારી પાસે આવ્યા અને મને ઉભા થવાનો ઈશારો કર્યો. હું ઉભો થયો અને મારી આંતરિક અભિલાષા મનોમન જણાવી. તેમણે હકારમાં મસ્તક હલાવ્યું. મને આશીર્વાદ આપ્યા અને એકાએક તેમણે તેમની હથેળીને હળવેથી ગોળ ગોળ ઘૂમાવી અને તે જ ક્ષણે એક તેજસ્વી પ્રકાશ થયો અને ૩ ડી વીંટી આવી ગઈ. સ્વામીએ મારો જમણો હાથ લઈ મારી આંગળી ઉપર મૂકી અને મને વીંટી પહેરી લેવા માટે કહ્યું. હું પછી નીચે બેસી ગયો. અને મારૂ હૃદય તેમની દિવ્ય પ્રેમ અને કરૂણાથી ભરાઈ ગયું. તેમણે મારી સમક્ષ સ્મિત કર્યું અને આગળ જવા નીકળી ગયા.

જેવા પ્રભુ ગયાં, હું મારા મનની આનંદમય સ્થિતિમાંથી બહાર આવ્યો. હું વિચારવા લાગ્યો કે ભગવાને જે વીંટી આપવાની વાત મારા વિદ્યાર્થી દિવસોમાં ૧૯૭૫ માં કરી હતી તેને પ્રાપ્ત કરવાની મારી અભિલાષા હંમેશા રહેતી હતી.

હવે મને ખાતરી થઈ કે ભગવાને, મને સ્વપ્નમાં જણાવીને, એમની દિવ્ય યોજના અનુસાર, એમના સમય પ્રમાણે, ૧૯૭૫ માં એમણે જાતે જે વચન આપ્યું હતું તે કેવી રીતે પુરૂ કર્યું.

સાઈ જે કહે છે તે સત્ય વાક (સત્ય વચન) છે. કેમકે તે 'સત્ય' ના જ મૂર્ત સ્વરૂપ છે.

**- લેખકે શ્રી સત્ય સાઈ સાયન્સ અને આર્ટસ કોલેજ વૃંદાવનમાં ૧૯૭૨ થી ૧૯૭૫ સુધી અભ્યાસ કર્યો હતો અને તેમણે બી.કોમ ની પરીક્ષામાં ૧૯૭૫ માં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.**

**-સ્રોત – દિવ્યતાના પ્રતીકો.**

# "શ્રી સત્ય સાઈ ગોકુલમ્"

## – બિશુ પ્રુસ્ટી

રોડ માર્ગે પ્રશાંતિ-નિલયમ પહોંચતા હોઈએ, ત્યારે સૌથી પહેલા શ્રી સત્ય સાઈ ગોકુલમ્ નજરે પડે છે; જેને ભગવાન શ્રી સત્ય સાઈબાબાએ નિર્માણ કર્યું, અને તાઃ૨૯ ઓગષ્ટ, ૧૯૮૫ ના રોજ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના પવિત્ર દિવસે તેને વિધવત ખુલ્લુ મુક્યું. આ અનુસંધાનમાં એક અગત્યની વાત નોંધવાની કે, આગોકુલમ્ ના સમુલાગ્ર આયોજનમાં ભગવાને જાતે વ્યક્તિગત ધ્યાન આપ્યું હતું અને સારા એવા પ્રમાણમાં ખર્ચો કરીને લીલાછમ ઘટાદાર વૃક્ષોની વચ્ચે ગાયો માટે સુવ્યવસ્થિત, સ્વચ્છ અને સ્વાસ્થ્યપ્રદ એવા કોઢિયા (શેડસ્) બનાવ્યા હતા. પ્રશાંતિ નિચલમમાં વર્ષ દરમ્યાન ઉજવાતા ઉત્સવો પૈકી એક છે 'શ્રી કૃષ્ણ જન્માષ્ટમી'નો ઉત્સવ - અને જ્યારે આ જ દિવસે ગોકુલમ્ નું ઉદ્ઘાટન નિર્ધારિત થયું હતું, ત્યારે તો સાઈકૃષ્ણના દર્શન પામવા હજ્જારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. ભગવાનના દિવ્ય સ્થાનમાં-એમની પ્રેમ ભરી ઉષ્મામાં ડુબી જવા અને સાથે સાથે દર વર્ષની જેમ ઉત્સવની ઉજવણીમાં પણ ભાગ લેવાના હેતુથી ભક્તો મોટી સંખ્યામાં આવી રહ્યાં હતાં. આ સદભાગી ભક્તોને ગોકુલમના ઉદ્ઘાટન પહેલા જ, ભગવાનની વિસ્મયકારક દિવ્ય લીલાને અનુભવવાનો અનેરો લ્હાવો પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમ જે દિવસે થવાનો હતો, એના થોડા દિવસો અગાઉ, પુટ્ટપર્તીમાં આભ ટુટી પડ્યું, ભારે વરસાદ થયો અને ઘણા બધા જળાશયો ઉભરાઈ ગયા, એમના કિનારા ટુટી ગયા અને પરિણામે ચિત્રાવતી નદીમાં પાણી આવવાથી, નદીમાં પૂર આવ્યું. પુરને કારણે, નદીના બંન્ને કિનારાના કાંઠે ભારે નુકસાન થયું અને પુટ્ટપર્તી જેવા પવિત્ર સ્થાનને માથે મોટુ જોખમ તોળાવા લાગ્યું. દુઃખી અને નિરાધાર ગ્રામજનો મંદિરે દોડીઆવ્યા અને સાઈ ક્રિષ્ણાને પ્રાર્થના કરવા લાગ્યા કે જેમ તમે, દ્વાપરયુગમાં ગોકુળ (વૃંદાવન) ના સામાન્ય જનોની રક્ષા માટે, તમારી નાની કરાંગુલીપર ગોવર્ધન પવર્ત ઉઠાવ્યો હતો તેમ અમને પણ હવે બચાવો. ગ્રામજનોની અંતરની પ્રાર્થના સાંભળી ભગવાન દ્રવિત થયા અને ઇસ્ટ પ્રશાંતિના ફ્લેટસ્ ની અગાશીએ ચઢ્યા અને પાણીના વિશાળ પટ-જે ડરામણો લાગતો હતો તેની ઉપર દિવ્ય નજર નાખી, તેમણે હાથ હલાવી પૂરને ઓસરી જવાનો આદેશ જાણે કે આપ્યો. સ્વામીનો દિવ્ય આદેશ માનતા હોય તેમ પાણીનો વિશાળ જથ્થો ઘટવા લાગ્યો. ભારે વરસાદે રેલવે ટ્રેક અને રસ્તા-માર્ગોને ભારે નુકસાન કર્યું હતું; અને ભક્તોને લાંબારૂટ પર થઈને આવવામાં ઘણી મુશ્કેલી પડતી હતી. પરંતુ ઉદ્ઘાટન પ્રસંગમાં હાજરી આપવા, દરેક જણ પ્રશાંતિ નિલયમ વેળાસર પહોંચવામાં સફળ રહ્યા હતા.

ઉદ્ઘાટનનું એક અગત્યનું પાસું હતું 'ગાયોની ભવ્ય શોભાયાત્રા'. ગાયોને ખૂબ જ સારી રીતે તૈયાર કરવામાં આવી હતી, શુભ અને પવિત્ર એવા ચિન્હોથી તેમને અંકિત કરી શણગારવામાં આવી હતી, અને એમને ભપકાદાર એવા વસ્ત્રો પહેરાવવામાં આવ્યા હતાં. તેમના પગે નાની ઘુઘરીઓ (ઝાંઝરની જેમ) બાંધી હતી તેમજ તેમના ગળામાં નાનકડી ઘંટડીઓ બાંધી હતી અને સરસ મજાના હાર પહેરાવવામાં આવ્યા હતાં. શોભાયાત્રામાં સૌથી આગળ વાજિંત્રો વગાડનારા વાદકો હતા; એમની પાછળ સુશોભિત કરેલી સાઈગીતા (હાથણી) અને તેની પાછળ, ભગવાન દ્વારા સ્વયં

પસંદ કરાયેલી અને ઉછેરવામાં આવેલી એવી શ્રેષ્ઠ જાતિની 30 ગાયોનું ધણ ચાલતું હતું. બ્રિન્દાવનમાં આવેલ શ્રી સત્ય સાઈ આર્ટસ એન્ડસાયન્સ કોલેજના ચુનંદા વિદ્યાર્થીઓ ગાયોને દોરી જતા હતાં અને સેવાદળના કેટલાક સભ્યોએ ગોવાળોનો વેશ પરિધાન કર્યો હતો. રમતિયાળ એવા વાછરડા ઉછળતા-કૂદતા, ગાયોની પાછળ હતા. આ આખાયે સદભાગી ગૌધનની પાછળ, અનંતપૂરની 'શ્રી સત્ય સાઈ કોલેજ ફોર વીમેન'ની બહેનો ભજન ગાતી ચાલતી હતી. ત્યાર પછીથી પ્રશાંતિ નિલયમમાંથી આવેલ ભાઈઓની અને બહેનોની ભજન મંડળીઓ હતી અને છેક છેવટે દૂર-સુદૂરથી આવેલા ભક્તો આ પવિત્ર ઉજવણીમાં ભાગ લેવા ચાલી રહ્યા હતા. આ ભવ્ય શોભાયાત્રાનું મુખ્ય આકર્ષણ એ ભગવાનની કાર, સૌથી છેલ્લે હતી. ગોકુલમ્ નો પ્રવેશદ્વારનો ભાગ ભવ્ય રીતે શણગારેલો હતો; અને ગાયોના આ નવા નિવાસ સ્થાનનું વિધિવત ઉદ્‌ઘાટન તે વખતના અનંતપુર જીલ્લાના કલેક્ટર શ્રી કે.ચક્રવર્તીએ કર્યું. ગાયોને તેમના સ્થાને ગોઠવી દેવામાં આવ્યા બાદ, ભગવાન એક ઊંચા ખડક ભૂમિ પર પધાર્યા કે જ્યાં ભગવાન કૃષ્ણની વાંસળી વગાડતી મુદ્રામાં મૂર્તિ સ્થાપન કરેલ હતી. ગોકુલમમાં પ્રવેશતાની સાથે જ ગોકુલમનું આ હૃદયસમુ સ્થાન સાચે જ આનંદની અનુભૂતિ કરાવે છે. ભગવાને મૂર્તિ ઉપરનું આવરણ જેવું ખુલ્લુ કર્યું, ત્યાં હાજર રહેલા છ હજાર જેટલા ભક્તોના હૃદયમાં આનંદની ઉર્મિઓ ઉછળી અને બધા ખૂબ ખુશ થયા. આ મૂર્તિની બાજુમાં જ ગાયની એક પૂર્ણ કદની પ્રતિમા અને એક વાછરડાની પ્રતિમા બનાવવામાં આવી હતી. ભગવાને ત્યાં હાજર રહેલી વિશાળ જનમેદનીને પ્રસાદ વહેંચ્યો અને પ્રશાંતિ નિલયમખાતે સવારે ૧૦-30 વાગે પરત આવી ગયા.

ગોકુલમ બની ગયા બાદ, પ્રશાંતિ નિલયમ ખાતે ઉજવવામાં આવતા શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના તહેવારનું સ્વરૂપ જ નવું થઈ ગયું. દરેક ગાયને કેવી રીતે તૈયાર કરવી, એ બાબતે સ્વામી ખૂબ જ ચીવટ રાખતા. તેઓ કહેતા, "આ ગાય-સાઈલક્ષ્મી કાળી અને સફેદ છે તો એના કપડા કાળા અને સફેદ જ હોવા જોઈએ કે જેને ચંદેરી બોર્ડર હોય. આ ગાય- સાઈ ગૌરી જરી ઘઉંવર્ણી છે તો તેને ગહેરો કથ્થાઈ અથવા મરૂન રંગનું કપડું હોવું જોઈએ કે જેને સોનેરી બોર્ડર હોય.

દરેક કૃષ્ણ જન્માષ્ટમીએ, સુંદર રીતે શણગારેલી ગાયોને ભવ્ય શોભાયાત્રા સાથે મંદિરમાં લાવવામાં આવતી કે જેમાં સૌથી આગળ નાદસ્વરમ્ ના વાદકો, શ્રીમંતી ઠાઠ-માઠ સાથેની સાઈગીતા (હાથણી), વિદ્યાર્થીઓનું વેદગાન કરતું એક જૂથ અને ભજન કરતું એક જૂથ સામેલ રહેતું. ગાયોને સાઈકુલવંત હોલમાં એક કતારમાં વ્યવસ્થિત રીતે ઉભી કરાવ્યા બાદ, બાબા પ્રેમથી, સાઈગીતાને, ગાયોને અને વાછરડાઓને ખવડાવતા.

૧૯૭૦ થી જ ભગવાન ગોકુલમ્ ની નિયમિત રીતે મુલાકાત લેતા. જ્યારે જ્યારે સાઈક્રિષ્ણ ગોકુલમ્ માં અંદર આવતા કે ગાયો અધીરી બની જતી. ભગવાનના ચરણોને વીંટળાઈ વળવા માટે ગાયો કે જેમને બાંધી રાખવામાં આવતી તે આંચકા સાથે છુટવા માટે / મુક્ત થવા માટે ખેંચાતી રહેતી. પરંતુ ભગવાન તો ગાયો કરતાં પણ વધુ અધીરા બની જતા. તે જાતે દરેક ગાય પાસે જતાં અને પ્રેમથી પંપાળતા, તેમની ડોકની નીચે લટકતી ગોદડી મુલાયમતાથી હાથ ફેરવતા અને એના બદલામાં ગાયો એમની પુંછડી ઉંચી કરીને આનંદ-ઉલ્લાસ પ્રગટ કરતી. અરે ! કેવું અદભુત દશ્ય.

વર્ષ ૧૯૯૦ માં, સ્વામીએ એમને ત્યાં એમ.બી.એ. કરી રહેલા કેટલાક વિદ્યાર્થીઓને ગોકુલમમાં કામ કરવાની તક આપી. જ્યારે આ વિદ્યાર્થીઓ, સ્વામીને પોતે કરેલા કામનો અહેવાલ રજુ કરતા, કે ગાયોની દૂધ-ઉત્પાદક્તાનો ગ્રાફ બતાવતા, કે ગાયોના ચારાને કેવી રીતે ઉગાડવું એ અંગે વાતો કરતા, ત્યારે ભગવાન ઘણી વખત, મૃદુતાથી અને હસતા-હસતા, આ બધા વિવરણોને બાજુએ મુકી દેતા અને વિદ્યાર્થીઓને ગાયોના સ્વાસ્થ્ય અંગે અથવા એમની સાચી સ્થિતિ શી છે તેની પુછપરછ કરતા.

બજારમાં મળતા ગાયો માટેના તૈયાર ખાદ્ય તત્વો ગાયોને ખવડાવવા અંગે સ્વામી નામરજી વ્યક્ત કરતા, કારણ બજારના પદાર્થો ભેળ-સેળ વાળા હોવા

એ સામાન્ય બાબત હતી. ગાયોને ખવડાવવાનો ચારો પુટ્ટપર્તીમાં જ ઉગાડવામાં આવે એવો એમનો આગ્રહ રહેતો. અને તે માટે સ્વામીએ ગોકુલમને માટે ખાસ વિશાળ ખેતરો ફાળવ્યા હતા કે જ્યાં જૈવિક પદ્ધત્તિનો ઘાસચારો સ્થાનિક સ્તરે જ ઉગાડવામાં આવતો જેથી ગાયોના સ્વાસ્થ્યની રક્ષા થઈ શકે. ગાયોને આ જૈવિક ઘાસચારો કે ઝીણા દાણાવાળી બાજરી જેવી આડપેદાશ ખવડાવવાનું તત્વ અનુસરવાથી, ગાયોને ખવડાવવા માટે કરવામાં આવતા ખર્ચામાં ૨૦% થી વધુ ઘટાડો જોવા મળ્યો અને સાથે-સાથે દરેક ગાયોની ઉત્પાદન ક્ષમતામાં સુધારો થયો.

આ ઉપરાંત – વધુમાં, ગાયોને જ્યારે દોહવાની ક્રિયાનો સમયગાળો હોય તે દરમ્યાન ધીમા અવાજે સંગીત વગાડવા માટે વિદ્યાર્થીઓને સ્વામી કહેતા. સ્વામી કહેતા કે જ્યારે ગાયો આ સૌમ્ય સંગીત સાંભળે છે ત્યારે તેઓ વધુ દૂધ આપે છે. સ્વામીના ગોકુલમાં આ ખરેખર બનતું. દાખલા તરીકે ગાય જ્યારે સામાન્ય રીતે દસ લિટર દૂધ એક સમયસત્રમાં આપતી હોય તો તે વખતે એટલે કે, દોહવાના સમયે જો સૌમ્ય સંગીત વગાડવામાં આવે તો તે બે કે ત્રણ લીટર દૂધ વધુ આપતી.

આ સત્ય સાઈ ગોકુલમ્ નો એક મૂળભૂત ઉદ્દેશ એવો કે પ્રાણીઓની સંભાળ સારી રીતે કરવામાં આવે અને તેમનો ઉછેર, પાલન-પોષણ સારી રીતે થાય. આ કંઈ માત્ર ડેરી ઉદ્યોગ નથી. સ્વામી કહેતા, "તમે તમારી માતાને જે રીતે પ્રેમ કરો છો અને તેની કાળજી રાખો છો, તે રીતે જ તમારે આ પ્રાણીઓને સંભાળવાના છે, તમારે તેમને એ જ પ્રકારનો માન-મરતબો આપવાનો છે". વાસ્તવમાં, આજે ગોકુલમાં ૨૫૦ જેટલી ગાયો છે, તે પૈકી ૫૦ ગાયો તો ઘરડી થઈ ગઈ છે અને દૂધ પણ આપતી નથી. આ જ જો, બીજી જગ્યાએ હોત તો તેમને છુટ્ટી કરી દીધી હોત. પરંતુ અહીં તો સ્વામી વિદ્યાર્થીઓને કહેતા કે, "તમે જ્યારે કમાવાનું બંધ કરો અને તે વખતે તમારા બાળકો તમને ત્યજી દે તો તમને કેવું લાગે?" આ જ એક કારણ છે કે ભગવાનના ગોકુલમ્ માં, બધી જ ગાયોની એમના જીવનપર્યંત એટલે કે અંત સુધી વ્યવસ્થિત કાળજી લેવામાં આવે છે. અને અંત થતા પણ, તેમને ધાર્મિકવિધિ સાથે ગૌરવપૂર્વક વિદા કરવામાં આવે છે.

ફક્ત ગાયો માટે જ ભગવાનનો વિશેષ પ્રેમ હતો એવું નથી, પરંતુ ગાયોની સેવા કરનાર દરેક માટે હતો. ચાર દસકા સુધી ગોકુલમ્ ની ગાયોની સેવા-સારવાર કરનાર વેટરનરી ડૉક્ટર લક્ષ્મીકાંત રેડ્ડી કહે છે, "મેં કશું જ કર્યું નથી. આ તો સ્વામીએ જ બધું કર્યું છે અને તો પણ તેઓ આપણને જશ આપે છે".

શ્રી સત્ય સાઈ ગોકુલમ્ એ માત્ર ગાયોની ગૌશાળા નથી કે જ્યાં માત્ર ગાયોને રખાતી હોય છે. પરંતુ, આ તો સાચે જ નિઃસ્વાર્થ સાધના માટે આધ્યાત્મિક ધામ છે કે જ્યાં વ્યક્તિ પોતાનામાં બદલાવ લાવીને "એની" મહિમાની વાતોનું વાહક સાધન બની શકે.

## ''સનાતન સારથિ''

સારથિ એટલે 'રથ હાંકનાર', સનાતન એટલે 'શાશ્વત' એ રીતે શીર્ષક દ્વારા જગતને જાણ થશે કે બાબા અનાદિ કાળથી અમીબાથી માંડીને, અવકાશ યાત્રીઓના જીવનને ઘડનારા સર્જનારા પરમાત્મા છે. 'ઇશ્વરને સારથિ તરીકે સ્વીકારો, તેમને નિર્દેશેલી દિશાઓને સંપૂર્ણ પણે તમારા લક્ષ્યસ્થાને સહીસલામત પહોંચો. આ સંદેશ બાબા આ નામકરણ દ્વારા પહાંચાડવા માગતા હતા.

સનાતન સારથીનો પહેલો અંક ફેબ્રુઆરી ૧૯૫૮ ની મહાશિવરાત્રીએ પ્રગટ થયો. તેના નામરકરણ વિશે સ્વામીએ કહ્યું : ''આજથી સનાતન સારથિ એ, અન્યાય, અવ્યવસ્થા, અસત્ય, દુષ્ટતાના અહંકાર રૂપી રાક્ષસ પ્રેરિત આસુરી બળો સામે સૈન્ય (આધ્યાત્મિક કૃતિઓ શાસ્ત્રો) દોરશે. આ જગતમાં શાંતિની દઢ સ્થાપના માટે આ સારથિ ઝઝૂમશે. તે પોતાનો વિજય, દુંદુભિનાદથી પ્રગટ કરશે. પોતાના વિજય દ્વારા સમગ્ર માનવજાતને આનંદ અપાવશેજ.

૧૯૭૮ માં બાબાએ ફરી જણાવ્યું ''તમને મારા સુધી પહોંચાડનાર અને મને તમારા સુધી આણનાર સેતુ એટલે સનાતન સારથિ.''

# "ભગવાન શ્રી સત્ય સાઈ બાબા મારા જીવનમાં"

ડો. લક્ષ્મીધર મોહાંતી

મથુરા, પશુ-ચિકિત્સા મહાવિદ્યાલય ઉત્તરપ્રદેશથી ૧૯૫૫ માં પદવી મેળવ્યા બાદ હું પશુચિકિત્સક તરીકે ઓડીશા રાજ્યમાં સરકારી નોકરીમાં જોડાયો. ઓડીશા ખાતે ૧૯૮૭-૮૮ ના સમયગાળામાં અન્ય પશુચિકિત્સકો સાથે મને ત્રિચુર ખાતેપશુ સંવર્ધનના અભ્યાસ અંગેની એક પરિષદમાં, સરકારી પ્રતિનિધિ તરીકે જવાની ઉત્તમ તક પ્રાપ્ત થઈ. આ તબક્કે મને પ્રશાંતિ નિલયમ અને સત્ય સાઈ બાબા યાદ આવ્યા. રેલવેમાં આરક્ષણ પણ એવું મળ્યું હતું કે, મદ્રાસ (ચેન્નઈ) ખાતે બે દિવસનો સમય અમારી પાસે ફાજલનો હતો, અને તેથી અમે પ્રશાંતિ નિલયમ જવાનું નક્કી કર્યું. પુટ્ટપર્તી પહોંચ્યા બાદ જાણવા મળ્યું કે, સ્વામી (સત્ય સાઈ બાબા) છેલ્લા બે-ત્રણ દિવસથી દર્શન આપતા ન હતાં. અમે રાત્રી શેડમાં રોકાણ કર્યું અને સવારે ભજનમાં પણ હાજરી આપી. ભજન બાદ એક જાહેરાત કરવામાં આવી કે, સ્વામી તે જ દિવસે સાંજે ૪-૩૦ કલાકે દિવ્ય પ્રવચન આપશે. અમે નક્કી કર્યું કે, સ્વામીનું પ્રવચન જરૂરથી સાંભળવું છે. સાથે સાથે મદ્રાસની બસ ટીકીટનું આરક્ષણ પણ અગાઉથી મેળવી રાખીશુ. અમે એક કલાક કતારમાં ઉભા રહ્યાં પણ કન્ડકટર કે ટીકીટ આપનાર દેખાયા જ નહીં. બપોરનો ૧૨-૩૦ નો સમય હતો. મેં મારા સાથીદારને જણાવ્યું કે બપોરનું ભોજન લઈ આપણે પૂર્ણચંદ્ર ઓડીટોરીયમની પ્રથમ હરોળમાં સ્થાન લઈ લઈએ. સ્વામીની એક વાત યાદ આવી અને મેં મારા મિત્રને કહ્યું કે, સ્વામી કહેતા જ્યારે તમે પ્રશાંતિ નિલયમમાં આવો, ત્યારે અશાંતિને અહીં જ છોડી દો અને પ્રશાંતિ લઈ તમારે ઘરે જાઓ. 'ઓનમ' ના દિવસો હોવાથી ભક્તોની ભીડ સખત હતી.

અમે બપોરનું ભોજન લીધુ અને તે પછી પૂર્ણચંદ્ર ઓડીટોરીયમમાં આગલી હરોળમાં સ્થાન મેળવી લીધું. સ્વામી ૪-૩૦ કલાકે આવ્યા. દિવ્ય પ્રવચન આપતા પહેલા તેમણે સેવાદળના સ્વયં સેવકોને મોટુ ટેબલ લાવવા અને નાનું ટેબલ લઈ જવા કહ્યું ! જેથી તમામ ભક્તો સ્વામીને જોઈ પણ શકે અને સાંભળી પણ શકે. મંચ સરસ રીતે તૈયાર કરવામાં આવ્યો હતો. સ્વામી લગભગ એક કલાક સુધી બોલ્યા. સ્વામીના પ્રવચન બાદ અમે શેડ પર આવ્યા. ત્યાંથી જુના બસ સ્ટેન્ડ ગયા જે અત્યારે મહાવિદ્યાલયનો વિસ્તાર છે. ઝાંખા પ્રકાશમાં અમે જોયું કે એક બસ ઉભી હતી અને હોર્ન વગાડતી હતી. અમે બસ તરફ દોડી ગયા અને આશ્ચર્ય વચ્ચે ખબર પડી કે મદ્રાસ (ચેન્નાઈ) માટેની આ એક માત્ર બસ હતી. જેમાં વચ્ચેના ભાગમાં બે બેઠકો ખાલી હતી. જે અમારા માટે આરક્ષિત હતી. કન્ડક્ટર ગુસ્સામાં હતો. તેણે કહ્યું કે, તમે કેટલા બેદરકાર પ્રવાસી છો ! આરક્ષિત હોવા છતાં તમે અડધો કલાક મોડા આવો છો. મેં જણાવ્યું કે, ભાઈ અમારી પાસે કોઈ આરક્ષણ છે જ નહીં. ગમે તેમ પણ ચેન્નાઈ બસ માટેનું આરક્ષણ કોણે કરાવ્યુ? અને તે પણ અમારા બે માટેનું ? અને આ પ્રશ્ન મારા જીવનમાં સદૈવ માટેનો પ્રશ્નજ રહી ગયો. પછી તો બસ શરૂ થઈ. અમો ચેન્નાઈ પહોંચી ગયા અને કટક જનાર કોરોમંડલ એક્સપ્રેસના પ્રથમ શ્રેણીના ડબ્બામાં અમે દાખલ થયા.

સ્વામી – એ તમારી ઈચ્છાઓની પૂર્તિ કરનાર ભગવાન છે. તેઓ આપણી પાસે માત્ર પ્રેમ અને શ્રદ્ધાની જ અપેક્ષા રાખે છે. એનીમલ હસ્બંડરી અને વેટરનરી સર્વિસીસના અધિક નિર્દેશક તરીકે હું ઓડીશાથી ૧૯૯૧ માં નિવૃત્ત થયો તે પછી હું ઓડીશા સેવાદલમાં સ્વયંસેવક તરીકે જોડયો. બે વર્ષ દરમ્યાન મેં 'પ્રશાંતિ સીક્યોરીટી તાલીમ' લઈને ટીમ લીડર તરીકે જોડાયો. હું શ્રી કે. ચક્રવર્તી સાહેબ કે જેઓ શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના સેક્રેટરી હતાં તેમને હું મળ્યો, તેઓએ મને ગોકુલમ ખાતે ફરજમાં જોડાવા કહ્યું. તેઓ મને 'ગોકુલમ્' લઈ ગયા અને ત્યાંના સાથીદારો સાથે પરિચય કરાવ્યો. તે સમયે દૂધનું ઉત્પાદન ખૂબ જ ઓછુ એટલે કે દિવસનું ૨૭૩ લીટર દૂધ જ ઉત્પદિત થતું. મારા ત્યાંના રોકાણ દરમ્યાન શ્રી સત્યસાઈ બાબાની કૃપા અને આશિર્વાદથી ૧૫૦૦ લીટર પ્રતિદિન સુધી ઉત્પાદન પહોંચ્યું. ૧૫ વર્ષ જેટલો સમય મેં ગોકુલમ્ માં એક પશુ-તજજ્ઞ તરીકે રહીને સંવર્ધન ક્ષેત્રમાં કાર્ય કર્યું. આ સમય દરમ્યાન મારા જીવનમાં અનેક ચમત્કારોની હારમાળા સર્જાઈ કે જે '૧૦ ઓડીયા બુક' માં સંકલિત છે. જો કે હું એટલો નસીબદાર ન હતો કે સ્વામી સાથે વાતચીત કરવાની તક મળે. પરંતુ સ્વપ્નમાં તેઓના 'અભય હસ્ત'ના દર્શન હંમશા કરતો. તેઓ મને ઓડીયા ભાષામાં

કહેતા 'ભક્તિ તને ફળશે'.

મારી પત્નીના સ્વર્ગવાસ પછી ૧૧ માં દિવસની ક્રિયા રાખવામાં આવી હતી. તારીખ હતી, ૬ ડીસેમ્બર ૨૦૦૮. ઓડીશાના રાજ્ય પ્રમુખ આ પ્રસંગે હાજર રહ્યાં હતાં અને ભજન પછી તેઓએ એક કલાક સુધી પ્રવચન પણ આપ્યું હતું. તેઓએ સ્વામીની આરતી પણ ઉતારી અને એકાએક સ્વામીનો ફોટો વિભૂતિથી ભરાઈ ગયો. આશરે 300 થી ૪૦૦ જેટલા સાઈ ભક્તોનો જમાવડો મારા રહેઠાણ પાસે તથા મુખ્ય રસ્તા પર થયો અને કાર તેમજ અન્ય વાહનોથી જગ્યા ભરાઈ ગઈ. અમને અજ્ઞાત ડર પણ લાગ્યો કે, પ્રસાદની વ્યવસ્થામાં અવરોધ ન સર્જાય. અમે પ્રસાદની દરેક વાનગી પર વિભૂતિ મૂકી સ્વામીને પ્રાર્થના કરી. લગભગ ૪00 જેટલા સાઈ ભક્તોએ મહાપ્રસાદ લીધો જે જમવાની થાળી પરથી અનુમાન જાણી શકાયું. બીજી સવારે પ્રસાદ સાથે નારાયણ સેવા પણ પૂર્ણ આનંદ સાથે કરવામાં આવી.

આ આખી વાત આપણા સૌ માટે શ્રી સત્ય સાઈ બાબા જે કલિયુગના અવતાર છે તેની નોંધ લેવા પ્રેરે છે. "સંતોષી બનો, મારી ઈચ્છા વિરૂદ્ધ કશું પણ થશે નહીં, જ્યારે હું તમારી સાથે છું પછી ડર શેનો?" સ્વામીના આ શબ્દો આપણને ફરી ફરીથી ખાતરી આપે છે કે તેઓ હંમેશ આપણી સાથે જ છે-આપણને હંમેશા માર્ગદર્શન કરવા માટે. તેઓ કહે છે “Help ever, Hurt never” ને જ આપણે મહાવરારૂપે અનુસરીએ.

માત્ર એક જ ભગવાન છે જે સર્વ શક્તિમાન-સર્વજ્ઞ અને સર્વત્ર છે અને અને 'એ' છે 'શ્રી સત્ય સાઈ બાબા'

**-લેખકે વ્યવસાયે પશુચિકિત્સક તરીકે ગોકુલમ્ ખાતે ૧૫ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક સેવા / ફરજ બજાવી છે.**

# ભોજનની જીવનમાં ભૂમિકા

**જેવું અન્ન તેવું મન, જેવું મન તેવો વિચાર**
**જેવા વિચાર, તેવું આચરણ, જેવું આચરણ તેવું સ્વાસ્થ્ય.**

**(સનાતન સારથિ માર્ચ ૧૯૯૪ પા.નં. ૧૧)**

ઓછું ભોજન કરીને અને મરચાં, મીઠું ખટાશ વગેરેનો ઓછો ઉપયોગ કરીને માણસ સ્વસ્થ રહી શકે છે. પતંજલીએ કહ્યું છે કે, ‘‘વધારે ભોજન સ્નાયુઓને નબળા કરે છે અને રક્તચાપ (બ્લડપ્રેશર) ની સમસ્યા ઉત્પન્ન કરે છે. પરિણામ સ્વરૂપ માણસ ક્રોધિત બને છે - તાત્કાલિક ક્રોધ (ગુસ્સો) કરે છે. (સનાતન સારથિ ડિસેમ્બર ૯૩ / પા.નં. ૧૯)

વધારે ભોજનથી શરીરમાં ઝેર ફેલાય છે. ભોજનથી સંતોષ મળે છે, પરંતુ તેનાથી રોગ પણ ઉત્પન્ન થઇ શકે છે. ભોજનમાં અસંયમથી માણસ રોગોનો શિકાર થતો રહે છે. ભોજન જરૂરી છે. પરંતુ હદથી વધારે (અતિભોજન) કરવાથી એ નુકસાનકારક સાબિત થાય છે. (સનાતન સારથિ ડિસેમ્બર/જાન્યુઆરી ૯૫)

ભોજનની જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા છે. જ્યારે શુદ્ધ, પવિત્ર અને સ્વચ્છ ભોજન જરૂરિયાત પ્રમાણે થોડી માત્રામાં લેવાય, ત્યારે તે ભોજનથી મગજમાં પરિવર્તન થાય છે. ત્યારે તે ઇશ્વરની તરફ નમવા લાગે છે. આ પ્રકારે ભોજન, મગજ અને ઇશ્વર આ ત્રણેયની એકતાથી માણસ દિવ્ય બની જાય છે. (સનાતન સારથિ માર્ચ ૧૯૯૪ / પા.નં. ૧૧, ૧૨) આપણે જે ભોજન લઇએ છીએ તે સ્વાદિષ્ટ, ઘરમાં રાંધેલું અને ગમતું હોવું (રુચિકર) જોઇએ. આ ભોજન બહુ ગરમ અથવા ખારૂં ન હોવું જોઇએ. ભોજન સપ્રમાણ હોવું જોઇએ. તે (ભોજન) ઉત્તેજિત કરનાર અથવા સત્વહિન નહીં હોવું જોઇએ. રાજસિક ભોજન ભાવોને ક્રોધિત બનાવે છે. તામસિક ભોજન, આળસ અને ઊંઘ ઉત્પન્ન કરે છે. સાત્વિક ભોજન સંતુષ્ટ કરે છે. પરંતુ ઇંદ્રિયોને ઉત્તેજીત તથા ભાવોને તીક્ષ્ણ બનાવતું નથી. (શ્રી સત્ય સાઇ વચનામૃત ખંડ ૨/૮૫)

# વિદ્યાર્થીઓને સંદેશ

પ્રેમ સ્વરૂપ વિદ્યાર્થીઓ,

તમે યુવાન છો અને તમારી ઇન્દ્રિયોને વશ કરવામાં પ્રયત્ન માટે તમારી આ યોગ્ય ઉંમર છે. તમે આ ઇન્દ્રિયોનો ઉપયોગ પવિત્ર રીતે કરી શકો છો. એકવાર તમને યોગ્ય રસ્તો ખબર પડશે તો એને તમે કદી છોડશો નહીં. તમે સારા સદ્‌ગુણો કેળવશો તો જ તમને વેદોના ઉપદેશ સમજ પડશે. તમે સારા આચરણથી જ સારા સદ્‌ગુણો કેળવી શકશો. તમારા માર્ગમાં થોડી મુશ્કેલીઓ આવશે પણ કદી એ માર્ગને છોડતા નહીં.

આજે આપણે ગુરૂપૂર્ણિમા ઉજવી રહ્યા છીએ. પૂર્ણિમા એટલે પૂર્ણચંદ્રનો દિવસ તો પછી ગુરૂ કોણ ? આધુનિક ગુરૂ કાનમાં મંત્ર ભણે છે અનેપૈસા માટે હાથ લાંબો કરે છે. આવા લોકો ગુરૂ કહેડાવવા માટે યોગ્ય નથી.

નિરાકાર અને Attributeless દિવ્યતાની તમને સમજ આપવા માટે ગુરૂ જરૂરી છે. આ પ્રકારનાં ગુરૂ મળવા મુશ્કેલ છે, માટે ભગવાનને જ ગુરૂ ગણો.

**ગુરૂર્બ્રહ્મા, ગુરૂર્વિષ્ણુ, ગુરૂર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરૂ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈશ્રી ગુરૂવે નમઃ ।।**

ગુરૂ બ્રહ્મા છે, ગુરૂ વિષ્ણુ છે, ગુરૂ મહેશ્વર છ. ભગવાનને તમે તમારા સર્વસ્વ ગણો. આ વિશ્વમાં દરેક વસ્તુ દિવ્યતાનું સ્વરૂપ છે. આ બધું જ બ્રહ્મ છે. દરેક જણ દિવ્યતાનું સ્વરૂપ છે. ખરેખર તો તમે જે જુઓ છો તે દિવ્ય કોસ્મીક સ્વરૂપ (વિશ્વ વિરાટ સ્વરૂપ) સિવાય કશું નથી.

હજારો મસ્તક, હજારો પગ અને હજારો આંખો સાથે દિવ્યતા સર્વત્ર છે. તેનો અર્થ એવો થાય કે આપણે આ વિશ્વમાં જે બધા મસ્તક, પગ અને આંખો જોઇએ છે તે સર્વ ભગવાનનાં જ છે. જ્યારે આ હજારોવાળું કથન કરવામાં આવ્યું ત્યારે વિશ્વની વસ્તી હજારોમાં હતી, પરંતુ અત્યારે તે કરોડોમાં છે. તે દિવસોમાં લોકો દરેક વ્યક્તિને દિવ્ય સમજતા હતા. વૈદિક અભિપ્રાયોને માનતા હતા. કોઇને પણ કહેલું અભિવાદન ભગવાનને પહોંચે છે એમ માનતાં હતા. ભગવાન સર્વે લોકોમાં વસેલો છે. સમગ્ર બ્રહ્માંડમાં ઇશ્વર વસેલો છે. દિવ્યતા અમુક જગ્યા પુરતી સીમીત નથી. ભગવાન અહીંયા છે, ત્યાં છે અને સર્વત્ર છે. તમે ભ્રમણા થકી એ ભેદ ઊભો કરો છો. પરંતુ દિવ્યતા ફક્ત એક અને એક જ છે. આ ગુરૂની એક ફરજ છે કે, એ ઐક્યનાં સિધ્ધાંતનો પ્રચાર કરે.

આજે ઘણા સારા શિષ્યો છે, પરંતુ એક સાચા ગુરૂ શોધવા મુશ્કેલ છે. અહીંયા ઘણા સારા વિદ્યાર્થીઓ છે. તેમ છતાં જો તેમાંથી એક અથવા બે ખરાબ હોય તો બધાનું જ નામ ખરાબ થાય અને તેમને શિક્ષા ભોગવવી પડે. અહીંયા એક નાનો દાખલો આપું છું - તમે જ્યારે સુઇ જાઓ છો ત્યારે તમને ફક્ત એક કે બે મચ્છર કરડે છે, બીજી સવારે મચ્છર મારવાની દવા છાંટો છો અને તમને એક કે બે મચ્છર કરડયા છતાં બધા જ મચ્છરને મારી નાંખો છો. તેવી જ રીતે, ભગવાન, જે ખરાબ સોબત કરે છે તેમને પણ શિક્ષા કરે છે. તેથી જ કહ્યું છે કે - ખરાબ સોબતથી દુર ભાગો, સારી સોબત કરો અને દિવસ-રાત ખુબજ સારા, પ્રશંસાપાત્ર કામ કરો.

જ્યારે પણ તમારામાં ગુસ્સો અને ઇર્ષારૂપી દુર્ગુણો પેદા થાય ત્યારે તમે તેમાં તણાઇ ના જતા, એને તમે વશ કરો. તમારી જાતને સતત કહ્યા કરો કે ગુસ્સો એ ખરાબ દુર્ગુણ છે. તે મને ખરાબ કૃત્યો તરફ લઇ જશે અને મારો સર્વનાશ કરશે. જ્યારે પણ તમને ગુસ્સો આવે ત્યારે શાંત થઇ એકાંતમાં બેસો અને ઠંડુ પાણી પીઓ. ભગવાનનાં દિવ્ય નામનાં જાપ કરો. ત્યારપછી ગુસ્સો ધીમે ધીમે શાંત થઇ જશે. જો તમારો ગુસ્સો ચાલુ રહે તો - કોઇ એકાંત સ્થળે ચાલ્યા જજો અને અડધો માઇલ ઝડપથી - સડસડાટ ચાલજો. આ ગુસ્સાને કાબુમાં લેવા માટે ઘણા સરળ રસ્તા છે. પરંતુ આજના યુવાનો ગુસ્સાને કાબુમાં કરવા માટે કશોજ પ્રયત્ન કરતા નથી. જ્યારે પણ તેમને ગુસ્સો આવે છે, ત્યારે તેઓ બીજાને ભાંડવાની એક તક સમજે છે. તે ખરાબમાં ખરાબ પાપ છે. પ્રભુ માટેની પ્રાર્થના અને ગહન વિચારોથી તમે ખરાબ દુર્ગુણો પર કાબુ મેળવી શકો છો.

**– ગુરૂપૂર્ણિમા પ્રવચન (૫-૭-૦૧) માંથી**



આ ઉપરાંત કેળા, છત્રીઓ, માસ્ક, હેન્ડગ્લોવ્ઝ, સેનીટાઇઝર બોટલ્સ, પાણીની બોટલ્સ, બિસ્કીટ પેકેટ્સ, એનર્જી ડ્રીંક્સ / પાવડર, જ્યુસ ના પેકેટ્સ, ચોપડા, અને ૧૫૪ કિલો જેટલા સૂકા નાસ્તાના પેકેટ્સ, અથાણા વગેરે વહેંચવામાં આવ્યા.

## સત્યસાંઈ સેવા સમિતિ દ્વારા અમૃત કલશમ્ કિટ અપાઈ



લૉકડાઉન દરમિયાન શહેર, તાલુકા અને જિલ્લામાં કોઈ ભૂખ્યું ન રહી જાય તે માટે શહેરના શ્રી સત્ય સાંઈ સેવા સમિતિ દ્વારા તાજેતરમાં વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અમૃત કલશમ્ (કરિયાણાની ૨૪૬ કિટ) વડોદરા જિલ્લા કલેક્ટરને સુપરત કરવામાં આવી હતી.

**વડોદરા**

Vapi- Page 2

Wednesday 20, May 2020

દમણગંગા ટાઇમ્સ DAMANGANGA TIMES

## વલસાડની શ્રી સત્ય સાંઈ સેવા સમિતિ શ્રમીકોની મદદમાં આવી



વલસાડ તા. ૧૯ : શ્રી સત્ય સાંઈ બાબા દ્વારા અપાયેલા 'માનવ સેવા એજ માધવ સેવા'ના સિધ્ધાંત પર ચાલતી શ્રી સત્ય સાંઈ સેવા સમિતિ-વલસાડ દ્વારા લોકડાઉનના કપરાં સમયમાં માનવકલ્યાણ માટે અઢળક સેવા કાર્યો થઈ રહ્યા છે.? એવી જ એક સેવા? આજે પણ કરવામાં આવી. શ્રમીકોને પોતાના વતન પહોંચાડવા માટે વલસાડથી ગોરખપુર (ઉત્તર પ્રદેશ) સ્પેશિયલ ટ્રેન રવાના કરવામાં આવી, જે માટે શ્રી સત્ય સાંઈ સેવા સંગઠન (જિલ્લા - વલસાડ) ના પ્રમુખ હેમાંશુભાઈ દેસાઈ અને અન્ય સમિતિ સભ્યો દ્વારા શ્રમીકો માટે ૮૨૮ પાણીની બોટલો, ૪૦૫૦ ચોકલેટ તેમજ ૧૬૨૦ જેટલા બીસ્કીટ ના પેકેટો, 'ગો-કોરોના'ની ઑફીસ માં જઈને આપવામાં આવ્યા હતા.

આ સાથે શહેરમાં તેમજ આજુબાજુના વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ ભાઈઓ અને બહેનોને ગ્રેટીટ્યુડ અર્પણ કરવા માટે તા. ૧૮ મી એપ્રિલથી ૧૪૪૦ હેન્ડ ગ્લોવ્ઝ, ૪૮૨ માસ્ક, ૨૯૭ સેનિટાઈઝરની બોટલો, ૧૦૨ કીલો કેળા, ૧૪ છત્રી, ૧૦૫ એનર્જી ડ્રીંક પાવડરના પેકેટ આપવામાં આવ્યા હતા. આ સાથે એમને તેમજ અન્ય જરૂરીઆતમંદોને કુલ ૧૦૯૧ પાણીની બોટલો, ૨૪૬૨ બીસ્કીટના પેકેટો તેમજ ૬૦૫૦ ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ જરૂરીઆતમંદોને અનાજ, તેલ, શાકભાજી અને અન્ય સામગ્રી ધરાવતી ૨૧૧ જેટલી 'અમૃત કલશમ્ કીટ' આપવામાં આવી હતી.

તા. ૩૦મી એપ્રીલથી દરરોજ ચાલતા 'શ્રી સત્ય સાંઈ અન્નમ કોમ્યુનિટી કીચન' દ્વારા વલસાડ તેમજ વલસાડની આજુબાજુના વિસ્તારોમાં રહેતા જરૂરીઆતમંદ ભાઈઓ અને બહેનો માટે છેલ્લા ૧૮ દિવસમાં ૮૧૮૨ જેટલા લોકોને ભોજન પુરું પાડવામાં આવ્યું હતું તેમજ ૮૨૭૯ છાશનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું શ્રી સત્ય સાંઈ સેવા સમિતિ - વલસાડ દ્વારા કરવામાં આવી રહેલા સેવા કાર્યોમાં સહકાર બદલ શ્રી સત્ય સાંઈ સેવા સંગઠન (જિલ્લા - વલસાડ) પ્રમુખ હેમાંશુભાઈ દેસાઈ આભાર માન્યો હતો.

**વલસાડ**

**થયેલી સમગ્ર સેવા સ્વામીની અસીમ કૃપાને લીધે જ શક્ય બની**

**બધી જ સેવા શ્રી સત્ય સાઈ ચરણાર્પણ મસ્તુ**

Publication Date : 20/10/2020

**સનાતન સારથિ**

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2020

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGE - 28

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. AND-305/2018-2020

Place of Posting - Dakor



જ્યાં તમારૂં મન (હૃદય) રહે છે, ત્યાં તમારી ભક્તિ પણ (સ્થિર) રહે છે. ભક્તિ એ ગંગાના પાણીની જેમ પવિત્ર છે, કર્મ એ યમુનાના પાણીની જેમ અને જ્ઞાન એ સરસ્વતીની જેમ; સરસ્વતી નદી - જે ગુપ્ત રીતે અને વિસ્મયકારક રીતે ભૂગર્ભ માં વહીને,અન્ય બેઉ ને ગરિમા બક્ષે છે.

આ ત્રણે જ્યાં એકત્રિત થાય છે તે ત્રિવેણી કહેવાય છે. આનો અર્થ એ છે - મનનું મટી જવું અને ત્રણેય ગુણો સાથે એક રૂપ થઇ જવું અને આમ, આ થકી અહંકારનો નાશ થઇ જવો.

- શ્રી સત્ય સાઈ

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
‘‘સાઇ આરોહ’’ એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

**મુદ્રક : એલાઇન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.
મો.: ૮૨૩૮૫૮૫૬૫૩